dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-323 | AD - 2026, Shravan Vad -01 | Saturday, Dt. 29-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## નેપાળમાં પૂરમાં ૫૫૨નાં મોત, ૧૯૦૦થી વધુ લોકો લાપતા

# તિબેટ સરહદે ફરી તળાવ ફાટતાં નદી કિનારાના ગામો ખાલી કરાવાયા

**તમિલનાડુના ૨૧ કૈલાશ માનસરોવર યાત્રાળુઓ દિલ્હી પહોચ્યા, વિદેશમંત્રી એસ.જયશંકર સાથે મુલાકાત**

કાઠમંડ,તા.૨૮

નેપાળમાં પૂર અને ભૂસ્ખલનના કારણે સર્જાયેલી તબાહી વચ્ચે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. પૂરગ્રસ્ત વિસ્તારમાંથી નેપાળી સેનાએ સુરક્ષિત રીતે બહાર કાઢેલા તમિલનાડુના ૨૧ કૈલાશ માનસરોવર યાત્રાળુઓ શુક્રવારે કાઠમંડુથી દિલ્હી પહોંચ્યા હતા. દિલ્હીમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમની મુલાકાત લઈ પૂર દરમિયાન તેમણે વેઠેલી મુશ્કેલીઓ અંગે માહિતી મેળવી હતી. દરમિયાન, નેપાળ-તિબેટ સરહદ નજીક વધુ એક તળાવ ફાટતાં પૂરનો ખતરો ફરી ગંભીર બન્યો છે. ભોટેકોશી, ત્રિશૂલી અને નારાયણી નદીના કિનારે આવેલા ગામોમાંથી લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. નેપાળી સેનાએ નદી કિનારે રહેતા લોકો તેમજ સુરક્ષાકર્મીઓને પણ તાત્કાલિક સલામત સ્થળે જવા સૂચના આપી છે.બીજી તરફ, ચીને તિબેટમાં લેવલ-૪ એલર્ટ જાહેર કર્યું છે. ફરીથી પૂરનો ખતરો વધતાં ચીની તંત્ર દ્વારા કેટલાક વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી અટકાવી દેવામાં આવી છે. નેપાળ અને તિબેટમાં પૂર તથા ભૂસ્ખલનના કારણે અત્યાર સુધીમાં ૫૫૨ લોકોનાં મોત થયાં હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૧૯૦૦થી



વધુ લોકો હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. નેપાળ સરકારના જણાવ્યા મુજબ, રાહત અને બચાવ કામગીરી માટે કુલ ૧૩,૨૯૫ સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમાં નેપાળ પોલીસના ૭,૨૫૦, નેપાળી સેનાના ૪,૨૦૦ અને આર્મ્ડ પોલીસ ફોર્સના ૧,૮૪૫ જવાનોનો સમાવેશ થાય છે. સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૩,૨૫૩ લોકોને પૂર અને ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.પૂરની આ કુદરતી આફત વચ્ચે ૩૨૦ ભારતીય નાગરિકોનો સંપર્ક થઈ શક્યો નથી અથવા તેઓ લાપતા હોવાનું જણાવાયું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે લગભગ ૧૦૦ ભારતીય મૂળના લોકો પણ સંપર્ક બહાર છે. તેમાં એવા લોકોનો પણ સમાવેશ થઈ શકે છે, જેઓ કૈલાશ માનસરોવર યાત્રા માટે ગયા હતા પરંતુ અન્ય દેશના નાગરિકો છે.આ અગાઉ ત્રિશૂલી-૧ જળવિદ્યુત પરિયોજનામાં કામ કરતા ૬૩ ભારતીય નાગરિકોને પણ સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ચીન તરફ ફસાયેલા ૯૬ ભારતીય નાગરિકો પણ સુરક્ષિત રીતે નેપાળ પહોંચી ગયા છે અને તેમને ભારત પરત લાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

નેપાળ ટુરિઝમ બોર્ડના તાજા અપડેટ મુજબ, ભોટેકોશી પૂર બાદ અત્યાર સુધીમાં કુલ ૧૨૧ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. તેમાં ૮૫ ભારતીય, ૧૬ ચીની, ૯ દક્ષિણ કોરિયન, ૨ અમેરિકન અને ૨ રશિયન નાગરિકોનો સમાવેશ થાય છે. નેપાળમાં સતત બદલાતી પરિસ્થિતિને પગલે સ્થાનિક તંત્ર દ્વારા લોકોને નદી અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

# હરિયાણા વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોના સસ્પેન્શનથી વિનેશ ફોગાટે કહ્યુ 'શું આપણે ગુંડા છીએ?'

ચંડીગઢ, તા.૨૮



હરિયાણા વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ભારે હોબાળો જોવા મળ્યો હતો. કોંગ્રેસે મતચોરી, પેપર લીક અને દાનચોરી સહિતના મુદ્દાઓ ઉઠાવી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. સતત હોબાળો અને સૂત્રોચ્ચારને પગલે કોંગ્રેસના આઠ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી સામે જુલાના બેઠકના કોંગ્રેસ ધારાસભ્ય અને કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલા વિનેશ ફોગાટે આકરી પ્રતિક્રિયા આપી હતી. વિધાનસભાની અંદર કોંગ્રેસના ધારાસભ્યો સામે માર્શલનો ઉપયોગ થતાં વિનેશ ફોગાટે સવાલ કર્યો હતો કે, 'શું આપણે ગુંડા છીએ?' તેમણે કહ્યું હતું કે છેલ્લા બે કલાકથી પક્ષના ધારાસભ્યો પોતાના વિચારો અને લોકોની ચિંતાઓ રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જો તેમની વાત સાંભળવામાં ન આવે તો તેઓ શું કરી શકે? વિનેશ ફોગાટે વધુમાં કહ્યું કે, પાર્ટી કોઈ નિર્ણય લેશે તો તેઓ તેનો સ્વીકાર કરશે, પરંતુ ગૃહ છોડશે નહીં. તેમણે વિપક્ષના નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડા સાથે થયેલા વ્યવહારને પણ શરમજનક ગણાવ્યો હતો. તેમણે સ્પીકર અને મુખ્યમંત્રી પાસે માફીની માંગ કરી હતી અને આ કાર્યવાહીનો આદેશ કોણે આપ્યો તે અંગે સવાલ ઉઠાવ્યો હતો. સ્પીકર હરવિંદર કલ્યાણે હોબાળા બદલ ઈન્દુ રાજ નરવાલ, વિકાસ સહારન, દેવેન્દ્ર હંસ, શકુંતલા ખટક, આદિત્ય સુરજેવાલા અને બલરામ ડાંગી સહિત કોંગ્રેસના ધારાસભ્યો સામે કાર્યવાહી કરી હતી. માર્શલો દ્વારા તેમને ગૃહની બહાર લઈ જવાયા હતા. દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાવ નરેન્દ્ર સિંહે પણ પોલીસની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. તેમણે હુડ્ડા સહિતના ધારાસભ્યોને રોકવાની ઘટનાને અલોકતાંત્રિક ગણાવી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે સરકાર શક્તિનો ઉપયોગ કરીને વિપક્ષનો અવાજ દબાવી રહી છે.

# ભારત-ઈઝરાયલ સબંધોમાં ભાઈ-બહેનના સ્નેહની ઝલક, ઈઝરાયલી દૂતાવાસના અધિકારીઓએ રાખડી બંધાવી

નવી દિલ્હી, તા.૨૮



દેશભરમાં રક્ષાબંધનનો તહેવાર ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહ્યો છે ત્યારે ભારત અને ઈઝરાયલ વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોની સુંદર ઝલક જોવા મળી હતી. ભારતમાં આવેલા ઈઝરાયલી દૂતાવાસના અધિકારીઓએ રક્ષાબંધનની ઉજવણીમાં ભાગ લીધો હતો અને ભારતીય અધિકારીઓ પાસેથી રાખડી બંધાવી હતી. ભારતમાં ઈઝરાયલી દૂતાવાસે શુક્રવારે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર રક્ષાબંધનનો વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં એક ભારતીય અધિકારી ઈઝરાયલી રાજદ્વારી નિત્તાઈ બેન-હૈમને રાખડી બાંધતા જોવા મળે છે. રાખડી બંધાવ્યા બાદ બેન-હૈમે ભારતીય અધિકારીને ભેટ પણ આપી હતી. ઈઝરાયલી રાજદૂતે પણ સોશિયલ મીડિયા પર આ વીડિયો શેર કરીને રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી હતી. તેમણે ભારત અને ઈઝરાયલના સંબંધોને એકબીજાની સંભાળ રાખતા ભાઈ-બહેનના સંબંધ સમાન ગણાવ્યા હતા.

દૂતાવાસે પણ વીડિયો સાથે 'ભારત + ઈઝરાયલ = એક મજબૂત બંધન'નો સંદેશ આપ્યો હતો અને સૌને પ્રેમ, સ્મિત તથા સકારાત્મક લાગણીઓની શુભેચ્છા પાઠવી હતી. ભારતમાં ઈઝરાયલના પ્રવક્તા મિશેલ સિરોટાએ પણ રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી હતી. તેમણે રાખડી બંધાવીને વીડિયો શેર કરતાં કહ્યું હતું કે ભારતમાં તેમનું આ પ્રથમ રક્ષાબંધન છે અને તહેવાર ઉજવનારા સૌને શુભેચ્છા પાઠવી હતી. રક્ષાબંધન ભાઈ-બહેનના પ્રેમ, સ્નેહ અને એકબીજાના રક્ષણની પ્રતિબધ્ધતાનું પ્રતીક છે. આ તહેવાર ભારતની પ્રાચીન પરંપરાઓ સાથે જોડાયેલો છે. મહાભારત સહિત વિવિધ ધાર્મિક કથાઓમાં પવિત્ર દોરા અને રક્ષણના પ્રસંગોનો ઉલ્લેખ મળે છે. જોકે, આ કથાઓને આજના રક્ષાબંધનનું સીધું ઐતિહાસિક મૂળ માનવામાં આવતું નથી.

## પંજાબમાં સુખબીરસિંહ બાદલ અને સી.આર.પાટીલ વચ્ચે સૂચક મુલાકાત

# વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ - અકાલીદળ વચ્ચે ગઠબંધનની ચર્ચા

નવી દિલ્હી, તા.૨૮




૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં શિરોમણી અકાલી દળ (SAD) અને ભારતીય જનતા પાર્ટી (BJP) વચ્ચે સંભવિત ગઠબંધનને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. દિલ્હીમાં અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ અને પંજાબ ભાજપના ચૂંટણી પ્રભારી સીઆર પાટીલ વચ્ચે લાંબી બેઠક યોજાતા ગઠબંધનની અટકળોને વધુ વેગ મળ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને નેતાઓ વચ્ચે પંજાબની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને આગામી ચૂંટણીની રણનીતિ અંગે ચર્ચા થઈ હતી. જોકે, બેઠકમાં થયેલી ચર્ચા અંગે બંને પક્ષો તરફથી સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ભાજપ હાલમાં પંજાબની તમામ ૧૧૭ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી રહ્યો છે. બીજી તરફ, બંને પક્ષો વચ્ચે વધતા સંપર્કને કારણે પડદા પાછળ ગઠબંધન અંગે ચર્ચા ચાલી રહી હોવાની અટકળો તેજ થઈ છે. ૨૦૨૨ની ચૂંટણીમાં અકાલી દળને આશરે ૧૮.૩૮ ટકા અને ભાજપને ૬.૬૦ ટકા મત મળ્યા હતા. બંનેનો સંયુક્ત મત હિસ્સો આશરે ૨૫ ટકા થાય છે. જોકે, માત્ર મત ટકાવારીના આધારે બેઠકોનું અનુમાન લગાવી શકાય નહીં. સ્થાનિક ઉમેદવારોનો પ્રભાવ, ગ્રામીણ-શહેરી સમીકરણ અને સંગઠન પણ મહત્વપૂર્ણ રહેશે. અકાલી દળનો પરંપરાગત આધાર ગ્રામીણ પંજાબમાં, જ્યારે ભાજપનો પ્રભાવ શહેરી વિસ્તારોમાં રહ્યો છે. તેથી સંભવિત ગઠબંધન બંને પક્ષોને એકબીજાના મત આધાર અને સંગઠનનો લાભ અપાવી શકે છે. જોકે, બેઠક વહેંચણીનો મુદ્દો બંને પક્ષો માટે સૌથી મોટો પડકાર બની શકે છે. અગાઉ કૃષિ કાયદા અને ખેડૂત આંદોલનને કારણે બંને પક્ષોનું ગઠબંધન તૂટ્યું હતું. હવે બદલાયેલા રાજકીય માહોલમાં ફરી નજીક આવવાની સંભાવનાએ પંજાબના રાજકારણમાં ચર્ચા જગાવી છે.

# લદ્દાખમાં હાઈકોર્ટ બેન્ચની સ્થાપનાને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આપી મંજૂરી

નવી દિલ્હી, તા.૨૮

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લદ્દાખમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટની નિયમિત બેન્ચની સ્થાપનાને મંજૂરી આપી છે. આ નિર્ણયથી લદ્દાખના દુર્ગમ અને સરહદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને ન્યાય માટે જમ્મુ કે શ્રીનગર સુધી જવાની મુશ્કેલીમાંથી રાહત મળશે. 'લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ (જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટની બેન્ચની બેઠક) નિયમન, ૨૦૨૬'ને બંધારણની કલમ ૨૪૦ હેઠળ મંજૂરી આપવામાં આવી છે. બેન્ચનું સ્થળ મુખ્ય ન્યાયાધીશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરીથી નક્કી કરશે. નવા નિયમથી ન્યાયિક સુલભતા વધશે.






# અમરેલીમાં રક્ષાબંધન નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રક્ષા સૂત્ર બાંધી ઉજવણી

અમરેલી,તા.૨૮

અમરેલીમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અને અમરેલી નગર દ્વારા રક્ષા સૂત્ર બાંધવાનો ભાવસભર કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીની બહેનોએ અમરેલી જિલ્લા જેલની મુલાકાત લીધી હતી. અહીં ઈન્ચાર્જ અધીક્ષક અર્જુનસિંહ પરમાર, જેલર જે. આર. ચાનીયા, જેલ સ્ટાફ તેમજ બંદીવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બહેનોએ ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ રાષ્ટ્ર અને સમાજની સુરક્ષામાં યોગદાન આપતા ભાઈઓ પ્રત્યે સ્નેહ અને સન્માનની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં રશ્મિનભાઈ ત્રિવેદી, ડો. પંકજભાઈ ત્રિવેદી, પંકજભાઈ કાનાણી, લાલજીભાઈ ચાવડા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બગસરાના સુડાવડમાંથી વિદેશી દારૂની ૧૦૭ બોટલો સાથે એક ઈસમ ઝડપાયો

**અમરેલી એલ.સી.બી.એ રૂ.૨૧૦૦૦થી વધુનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી**

અમરેલી,તા.૨૮

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમી આધારે એલ.સી.બી. ટીમે બગસરા તાલુકાના સુડાવડ ગામે સફળ રેઈડ કરીને કૌશલરાજભાઈ ઉર્ફે કાનો મહેશભાઈ ધાધલ (રહે. સુડાવડ, તા.બગસરા) ને ઝડપી પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન એલ. સી.બી. ટીમે આરોપી વિરૂધ્ધ પ્રોહીબિશન ધારા તળે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ સફળ કામગીરી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલા, પો.સ.ઈ. એમ.ડી.ગોહિલ, પો.સ.ઈ. જે.ડી.વાઘેલા, એ.એસ. આઈ. હરેશસિંહ પરમાર અને હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.



# ધાતરવવડી-૧ ડેમનું પાણી કેનાલમાં છોડવા જીજ્ઞેશ પટેલની રજૂઆત

રાજુલા,તા..૨૮

રાજુલાના ધાતરવડી-૧ ડેમમાં હાલ પાણીનો સારો જથ્થો ઉપલબ્ધ છે અને ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે. બીજી તરફ વરસાદ ખેંચાતા ખેડૂતોના ઊભા પાકને સિંચાઈના પાણીની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે. ડેમનું વધારાનું પાણી દરિયામાં વહી જતું હોવાથી તેનો ઉપયોગ ખેડૂતો માટે કરવાની માંગ ઉઠી છે. રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીગ્નેશ પટેલે નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. વરસાદ ન પડે તો પાકને નુકસાનથી બચાવવા વધારાનું પાણી તાત્કાલિક કેનાલમાં છોડવાની માંગ કરવામાં આવી છે.



# સા.કુંડલાની કાણકિયા કોલેજ ખાતે બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ફ્લેશ કાર્ડ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાની શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એસ. વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ફ્લેશ કાર્ડ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ AIની મદદથી અભ્યાસના વિવિધ વિષયો પર ફ્લેશ કાર્ડ તૈયાર કર્યા હતા. સ્પર્ધામાં ભાઈઓના ૧૧ અને બહેનોના ૧૫ ગ્રુપે ભાગ લીધો હતો. બહેનોમાં ડાભી વૃંદા, નિમાવત જાનવી અને ચૌહાણ પ્રતીક્ષાનું ગ્રુપ પ્રથમ, જ્યારે પેથાણી ધ્રુવીશા, લાલુ પાયલ અને ગોસાઈ સેજલનું ગ્રુપ દ્વિતીય રહ્યું હતું. ભાઈઓમાં જોષી કૃણાલ, મકવાણા રજની અને દેવગણિયા ધાર્મિકનું ગ્રુપ વિજેતા બન્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. એસ.સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પુષ્પાબેન રાણીપા અને પ્રો. રીંકુબેન ચૌધરીએ સેવા આપી હતી. સંકલન ડૉ. એચ. આર. દેસરાણીએ કર્યું હતું.


તસવીર : સૌરભ દોશી

# લીલીયા પોલીસે પાવર લાઈનના થાંભલા તોડવાના ગુનાનો ભેદ ઉકેલ્યો

અમરેલી,તા.૨૮

લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં રઘુવીર એવન્યુસ પ્રાઈવેટ લિમિટેડ સોલાર કંપનીથી ગુંદરણ ૬૬ કે.વી. સુધી પાવર સપ્લાય કરતી ૧૧ કે.વી. લાઈનના ૧૦ સીમેન્ટના થાંભલા તોડી એલ્યુમીનીયમના વાયર સહિત રૂ.૧.૬૦ લાખનું નુકસાન કરવાના ગુનામાં લીલીયા પોલીસે તપાસ હાથ ધરી હતી. પીઆઈ એમ.ડી. સાળુંકેના માર્ગદર્શન હેઠળ માનવ તથા ટેકનીકલ સોર્સની મદદથી ગુનાનો ભેદ ઉકેલી ખારા ગામના રાહુલ ઉર્ફે ગુંદી બાબુભાઈ જમોડને ઝડપી પાડ્યો છે.



# બગસરામાં ભૂદેવોએ સમૂહમાં જનોઈ બદલી, બ્રહ્મચોર્યાશીનું કરાયું આયોજન

બગસરા,તા.૨૮

બગસરા મુકામે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રક્ષાબંધનના પવિત્ર પર્વની શ્રધ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ વાડી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બગસરા શહેરમાંથી મોટી સંખ્યામાં ભૂદેવો અને બ્રહ્મ પરિવારો જોડાયા હતા. રક્ષાબંધનના શુભ દિવસે સનાતન ધર્મની પરંપરા મુજબ શ્રાવણી ઉપાકર્મની વિધિ કરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂદેવોએ જૂની જનોઈનો ત્યાગ કરી નવી જનોઈ ધારણ કરી હતી. જનોઈ બદલવાની વિધિ બાદ બ્રહ્મચોર્યાશીનું આયોજન કરવામાં આવ્યું હતું.


તસવીર : હાર્દિક બામટા

# ચલાલાના સંસ્કૃત શક્તિ ગુરુકુળમાં યજ્ઞોપવીત સંસ્કાર કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૮

ચલાલા સ્થિત યોગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત સંસ્કૃત શક્તિ ગુરુકુળમાં યજ્ઞોપવીત સંસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના જતન તથા સંવર્ધનના હેતુથી કાર્યરત આ ગુરુકુળમાં સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. અહીં ધોરણ ૬થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ સાથે વેદોના પાઠ, સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના સંસ્કારોનું જ્ઞાન આપવામાં આવે છે.



# સુરતમાં પતિએ ભાણેજ સાથે મળી પત્ની પર અત્યાચાર ગુજાર્યો

**ઢીકાપાટુ મારી જાનથી મારવાની ધમકી આપી**

અમરેલી, તા. ૨૮

સુરતમાં પતિએ ભાણેજ સાથે મળીને પત્ની પર અત્યાચાર ગુજાર્યો હતો તથા ઢીકાપાટુ મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ગીતાબેન ઝવેરભાઈ સોલંકી (ઉં.વ. ૪૪)એ સુરતમાં રહેતા પતિ અનિલકુમાર છોટાલાલ નિશાદ અને પતિના ભાણેજ આશિષકુમાર રામચંદ્ર નિશાદ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગતો અનુસાર, તેમના લગ્ન બાદ તા. ૧૨/૦૪/૨૦૨૪ થી તા. ૧૩/૦૪/૨૦૨૬ દરમિયાન સુરત ખાતે પતિ અનિલકુમાર અને ભાણેજ આશિષકુમારે નાની નાની બાબતોમાં ઘરકામ તેમજ અન્ય વાતોને લઈને અવારનવાર મેણા-ટોણા મારી શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. પતિએ ગાળો આપી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. પંડ્યા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સામાજિક સમરસતા અને સજીવ ખેતીનું ઉત્કૃષ્ટ ધામ એટલે ખડસલીની ગાંધીવાદી લોકશાળા

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાના ખડસલી ખાતેની ખડસલી લોકશાળા ગાંધી વિચાર, સમૂહ શિક્ષણ, નઈ તાલીમ અને પ્રાકૃતિક કૃષિના સમન્વય સાથે વિદ્યાર્થીઓને સ્વાશ્રયી અને સ્વાવલંબી બનાવતી એક માધ્યમ તરીકે ઊભરી આવી છે. આ શાળામાં કાગળ પરના જ્ઞાન ઉપરાંત જીવનઉપયોગી મૂલ્યોનું જતન અને સંવર્ધન કરવામાં આવે છે. ધોરણ-૯ માં કોઈ પણ લાગવગ વગર 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. બક્ષીપંચ અને ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રૂ.૨૧,૦૦૦ લવાજમ રાખવામાં આવ્યું છે, જેમાં ભોજન, કમ્પ્યુટર ફી, બે જોડી ગણવેશ અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. જ્યારે બી.સી. કેટેગરીના બાળકોને શિક્ષણ નિઃશુલ્ક આપવામાં આવે છે. કેમ્પસમાં જ આવેલી ગૌશાળાની ગીર ગાયોનું બે ટાઈમ ૨૦૦-૨૦૦ ગ્રામ શધ્ધ દૂધ અને સાત્વિક નાસ્તો-ભોજન બાળકોને પીરસવામાં આવે છે. કેમ્પસની વિશાળ જમીનમાં જીવામૃત આધારિત પેસ્ટીસાઈડ-મુક્ત સજીવ ખેતી કરવામાં આવે છે.



# રાજુલામાં ભૂદેવોએ પૂજન-અર્ચન, મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત ધારણ કરી

રાજુલા,તા.૨૮

રાજુલામાં દર વર્ષે ભુદેવો દ્વાર સમુહ જનોઈ બદલાવવાની વિધિ બ્રહ્મસમાજ વેદમાતા ગાયત્રી મંદિર હોલ કરવામાં આવે છે. બળવંતરાય શાસ્ત્રીના આચાર્ય પદે સમુહજનોઈ બદલવાની વિધિ કરવામાં આવી હતી. ચિરાગ જોશીએ જણાવેલ કે દર વર્ષ સમુહમાં જનોઈ ધારણ કરાય છે. સપ્તરૂષી વિષ્ણુ ભગવાન, ગણેશજી, શિવનું પૂજન-અર્ચન, આરતીની સાથે વેદ માતા ગાયત્રીના મંત્ર જાપ કરવામા આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા મનોજભાઈ વ્યાસ અને પરાગભાઈ જોષી જહેમત ઉઠાવી હતી. આરતીનો લાભ ચિરાગ જોષી, ભરતભાઈ મહેતા, ભરતભાઈ રાજગુરુ લીધો હતો.

બ્રહ્મસમાજ આગેવાન વિજયભાઈ જોષી, શશિભાઈ રાજગુરુ, દિપકભાઈ ત્રિવેદી, રવિ વડીયા, કનકભાઈ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ










મગફળી અને કપાસના પાકને નુકસાનની ભીતિ, એક સપ્તાહમાં વરસાદ નહીં આવે તો મુશ્કેલી વધવાની શક્યતા

# અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતનો તાત મુશ્કેલીમાં

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે. ચોમાસાની શરૂઆતમાં સારો વરસાદ થતાં ખેડૂતોએ આગોતરું વાવેતર કરી દીધું હતું. પરંતુ વાવેતર બાદ લાંબા સમયથી વરસાદે વિરામ લેતા હવે પાકને નુકસાન થવાની ભીતિ ઉભી થઈ છે. ખાસ કરીને મગફળી અને કપાસ જેવા મુખ્ય રોકડિયા પાકો પર વરસાદ ખેંચાવાની સીધી અસર પડી રહી છે.

અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેડૂતોએ ચોમાસાની શરૂઆતમાં આગોતરું વાવેતર કરી દીધું હતું. સૌરાષ્ટ્રમાં મગફળી, કપાસ સહિત વિવિધ પાકોનું અંદાજે ૨૦ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. શરૂઆતમાં વરસાદની સ્થિતિ અનુકૂળ રહેતા ખેડૂતોમાં આશા જાગી હતી, પરંતુ હવે વરસાદ ખેંચાતા ખેતરોમાં ઉભેલા પાકને પૂરતા ભેજની અછત વર્તાવા લાગી છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં થાય તો પાક સૂકાવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. આ વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીનું અંદાજે ૯.૧૬ લાખ હેક્ટરમાં જ્યારે કપાસનું ૮.૯૮ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે.


પ્રતિકાત્મક

બંને પાકો માટે હાલના તબક્કે વરસાદની ખાસ જરૂરિયાત છે. વરસાદ વધુ ખેંચાય તો ખેડૂતોને પાક બચાવવા માટે સિંચાઈના પાણીનો સહારો લેવો પડી શકે છે. જોકે તમામ ખેડૂતો પાસે સિંચાઈની પૂરતી વ્યવસ્થા ઉપલબ્ધ નથી, જેના કારણે તેમની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે.હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ તાત્કાલિક વરસાદ લાવે તેવી કોઈ સક્રિય સિસ્ટમ જોવા મળી રહી નથી. જેના કારણે ખેડૂતોની ચિંતા વધુ ઘેરી બની છે.

ખેડૂત નિષ્ણાતોના મતે જો આગામી એક સપ્તાહમાં સારો વરસાદ નહીં થાય તો ખાસ કરીને કપાસના પાકને નુકસાન પહોંચવાની શક્યતા વધી શકે છે. મગફળીના પાક પર પણ વરસાદની અછતની અસર પડી શકે છે.

હાલમાં મોડી વાવણી કરવી ખેડૂતો માટે શક્ય નથી. તેથી હવે વાવેતર કરેલા પાકને બચાવવા માટે સમયસર વરસાદ અથવા સિંચાઈનું પાણી ઉપલબ્ધ કરાવવું જરૂરી બન્યું છે. જો વરસાદ વધુ ખેંચાય તો સરકાર દ્વારા સિંચાઈ વિભાગના માધ્યમથી ખેડૂતો સુધી જરૂરી પાણી પહોંચાડવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી રહી છે. મેઘરાજા રૂઠતા ખેડૂતોની મુશ્કેલી વધી છે ત્યારે સરકાર દ્વારા સમયસર સિંચાઈનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તો અનેક ખેડૂતોના પાકને સુકાઈ જતાં બચાવી શકાય તેમ છે. હવે ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે.

## સા.કુંડલામાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની જિલ્લા કારોબારી બેઠક યોજાઈ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાની કે. કે. હઈસ્કૂલમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગની જિલ્લા કારોબારી બેઠક ૨૬ ઓગષ્ટના રોજ યોજાઇ હતી. જેમાં પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, પ્રાંતના હોદ્દેદારો જીતેન્દ્રભાઈ ઠાકર, ભાભલુભાઈ વરુ, જયદેવભાઈ સિચાંગીયા, રામભાઈ કેશવાલા, જનકભાઈ સાબવા, સુરેશભાઈ ખુમાણ, વિજયભાઈ મકવાણા, નિલેશભાઈ કોઠડીયા, વર્ગ ૨ નીરવભાઈ કારીયા અને સુનિલભાઈ ગોયાણી,



અજયભાઈ માઢક, કે.કે.હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયા, દોશી હાઈસ્કૂલના આચાર્ય ઉષાબેન તેરૈયા , હીમાંશુભાઈ બોરીસાગર અને માતૃશક્તિ તેમજ જિલ્લા કોર ટીમની હાજરીમાં જિલ્લા કારોબારી બેઠક યોજાઇ હતી. જનકભાઈ સાબવાની દરખાસ્ત પછી સંગઠનની નવી ટીમોની જાહેરાત કરી હતી. જેમાં આચાર્ય સંવર્ગમાં અધ્યક્ષ તરીકે રામભાઈ કેશવાલા, મંત્રી જયેશભાઈ રામ તથા માધ્યમિક સંવર્ગમાં અધ્યક્ષ કિશોરભાઈ વરુ, મંત્રી ઉમેશભાઈ ડોબરીયા અને સરકારી ઉચ્ચતર માધ્યમિક સંવર્ગમાં અધ્યક્ષ બાબુભાઈ વાઘ, મંત્રી દીપકભાઈ મકવાણાની વરણી સાથે ત્રણેય સવર્ગની આખી ટીમની જાહેરાત કરી હતી. પ્રાથમિક સંવર્ગમાં વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે પ્રણવભાઈ માલવીયા, સહમંત્રી તરીકે કલ્પેશભાઈ કાબરીયા, કારોબારી તરીકે મુકેશભાઈ સોરઠીયાની નિમણૂક કરી હતી. બધા વિભાગના કુલ ૪૯ નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

## સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત સફાઈ અભિયાન

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા સરકારશ્રીના પરિપત્ર મુજબ તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ "સ્વચ્છતા ઝુંબેશ" અંતર્ગત શ્રમયજ્ઞ અને સફાઈ અભિયાન યોજાયું હતું. આચાર્ય



ડો.એસ.સી. રવિયાના માર્ગદર્શન હેઠળ N.S.S.ના વિદ્યાર્થીઓએ કોલેજ પરિસરમાં શ્રમદાન કરી કચરો એકત્રિત કર્યો હતો. સિંગલ યુઝ પ્લાસ્ટિકમુક્ત કેમ્પસ બનાવવાના હેતુથી પ્લાસ્ટિકનો કચરો પણ એકત્રિત કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ગ્રાઉન્ડમાં ઉગેલા ઘાસની સફાઈ કરી સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષ ચૌહાણના સંયોજન હેઠળ યોજાયેલા આ અભિયાનમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ આર્થિક સહાય માટે ઓનલાઈન અરજી કરી શકશે

અમરેલી,તા.૨૮

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા દર વર્ષે S.G.F.I. (શાળાકીય) અને એસોસિએશન કક્ષાની રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મેડલ જીતનાર વિજેતા ખેલાડીઓને રૂ.૨,૫૦૦ની શિષ્યવૃત્તિ અને સ્પર્ધામાં ભાગ લેનારા સહભાગી ખેલાડીઓને રૂ.૨,૦૦૦ની વૃતિકા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ના મેડલ વિજેતા તથા સહભાગી ખેલાડીઓએ સહાય મેળવવા માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સત્તાવાર વેબસાઈટ પર ફરજિયાત ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી પ્રક્રિયા ૧ ઓગસ્ટથી શરૂ થઈ ચૂકી છે અને ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. વધુ માહિતી માટે ખેલાડીઓએ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## રાજુલામાં સેવા દિવસ નિમિત્તે સોમવારે રક્તદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૨૮

રાજુલા શહેરમાં પરમ પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના જન્મદિવસ નિમિત્તે બાપા સીતારામ સેવા સમિતિ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૪થી ૭ વાગ્યા દરમિયાન ગાંધી મંદિર, એક્સપ્રેસ પેટ્રોલ પંપ પાસે, જૂના રેલવે સ્ટેશન સામે આ કેમ્પ યોજાશે. રક્તદાન કરનાર દરેક રક્તદાતાને બ્લૂટૂથ ઈયરફોન ભેટ આપવામાં આવશે. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજુલા-જાફરાબાદ-ખાંભાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવશે. આયોજકો દ્વારા વધુમાં વધુ લોકોને રક્તદાન કરી સેવાકાર્યમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ સાગર સરવૈયા દ્વારા દર વર્ષે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

## ધારી આઈટીઆઈમાં આજે પ્લેસમેન્ટ મેળો યોજાશે

અમરેલી,તા.૨૮

ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા એપ્રેન્ટિસ અને બેરોજગાર તાલીમાર્થીઓને રોજગારીની તક મળી રહે તે હેતુથી પ્લેસમેન્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો તા. ૨૯ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે આઈટીઆઈ તાલીમ સંસ્થા, ધારી, હીમખીમડી, તુલસીશ્યામ રોડ ખાતે યોજાશે. ભરતી મેળામાં SWAN DEFENCE AND HEAVY INDUSTRIES LTD કંપની ભાગ લેશે. કંપની દ્વારા મેકેનિક ડિઝલ, ફિટર, વાયરમેન, ઈલેક્ટ્રિશિયન અને વેલ્ડરની જગ્યાઓ માટે ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. પસંદગી પામેલા ઉમેદવારોને અંદાજિત રૂ. ૧૨ હજાર જેટલો માસિક પગાર આપવામાં આવશે. ઉમેદવારોએ ભરતી મેળાના દિવસે આધાર કાર્ડ તથા તમામ શૈક્ષણિક લાયકાતના અસલ અને નકલ દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

આઈટીઆઈ પાસ થયેલા અને રોજગારી મેળવવા ઈચ્છતા તાલીમાર્થીઓને ભરતી મેળામાં ઉપસ્થિત રહી લાભ લેવા આચાર્ય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.




## કે. કે. પારેખ કૉલેજ ખાતે પીએમ નરેન્દ્ર મોદી સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૮

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત અમરેલી તથા કે. કે. પારેખ કોમર્સ કૉલેજ દ્વારા 'ખેલો ઈન્ડિયા - ખેલ કી બાત પીએમ નરેન્દ્ર મોદી કે સાથ' લાઈવ ઓનલાઈન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી અને રાજુલાની કૉલેજના ૨૮૬ એન.એસ.એસ. વોલિયન્ટર્સે



ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. ડૉ. આશિષ ગોરવાડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જિલ્લા યુવા અધિકારી રાકેશ બિશનોઈ અને પ્રવીણ જેઠવાએ ખેલો ઈન્ડિયા તેમજ માય ભારતની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી યુવાનોને નશામુક્તિના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે નેશનલ ગેમ ગોલ્ડ મેડાલિસ્ટ નકુમ માર્ગી અને તવિયા ગુંજને યુવાનોને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાહુલભાઈ (અગ્નિવીર ટ્રેનર) ના સંચાલન અને આશિષ જાદવની ટીમની જહેમતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો, જેની પૂર્ણાહુતિ પ્રોફેસર પટેલના આભાર દર્શન સાથે થઈ હતી.

### અવસાન નોંધ

**રાજકોટ**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ગોપાલભાઈ કાળાભાઈ ગોઠી તા.૨૭-૦૮-૨૦૨૬, ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૯-૦૮-૨૦૨૬, શનિવાર સવારે ૮ થી ૧૦ અમારા નિવાસ સ્થાને, એક્વા બ્લુ એપાર્ટમેન્ટ, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, અર્જુન પાર્ટી પ્લોટની પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે. બહારગામના સ્નેહી સંબંધી સગા-વ્હાલાનું ટેલીફોનિક બેસણું આવકાર્ય છે.

**સાવરકુંડલા**

શારદાબેન કાંતીલાલ ક્વા, (ઉ.વ.૮૧), સ્વ. કરશનભાઈ માધાભાઇ મકવાણાની દીકરી, દુર્લભભાઈ કરશનભાઈ મકવાણા, પોપટભાઈ કરશનભાઈ મકવાણા ,મનસુખભાઈ કરશનભાઈ મકવાણા , સ્વ વિનોદભાઈ કરશનભાઈ મકવાણાની બહેનનું તા.૨૫ને મંગળવારના રોજ રામ ચરણ પામેલ છે સદગતનુ સાદડી તા. ૨૯ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને અમરેલી રોડ મારૂતિ નગર "સત્યમ" સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

અશોકભાઈ ધનજીભાઈ ટાંક (ઉં.વ.૪૯) મુકેશભાઈ મનસુખભાઈ ચૌહાણ, રાજેશભાઈ મનસુખભાઈ ચૌહાણના બનેવીનું તા.૨૫ને મંગળવારના રોજ રામ ચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૨૯ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને શ્રીજી નગર ઉતાવળા હનુમાન રોડ મઢુલી પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.









# જાફરાબાદ પંથકમાં સિંહોની અવર-જવર વધવાથી સ્થાનિકોમાં ભય વ્યાપ્યો

**વઢેરાના સરપંચ દ્વારા વન વિભાગ સમક્ષ રજૂઆત**

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોની અવરજવર વધી રહી છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારો તેમજ ખેતીવાડી વિસ્તારમાં સિંહો દેખાતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં અને પશુપાલકોની ચિંતામાં વધારો થયો છે. આથી વઢેરા ગામના સરપંચ લખમણભાઈ બાંભણિયા દ્વારા વન વિભાગને લેખિત રજૂઆત કરીને માનવજીવન અને પશુધનની સુરક્ષા માટે જરૂરી તકેદારી રાખવા માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, સિંહોની અવરજવર ધરાવતા વિસ્તારોમાં વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવે, સિંહોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવે તેમજ સ્થાનિક લોકોને જરૂરી માર્ગદર્શન અને સાવચેતી અંગે માહિતી આપવામાં આવે તે જરૂરી છે. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરોમાં જતાં ખેડૂતો અને પશુપાલકોમાં ભયનો માહોલ રહેતો હોવાથી વન વિભાગ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની દેખરેખ રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# સા.કુંડલા-રાજુલા હાઈવે પર અચાનક પતિએ બ્રેક મારતાં પરિણીતાનું હાર્ટ એટેકથી મોત

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા-રાજુલા હાઈવે પર થોરડી અને મોટા આગરીયા ગામ વચ્ચે એક અત્યંત કરુણ અને અરેરાટીભરી ઘટના સામે આવી હતી. રાત્રિના સમયે મોટરસાઈકલ પર જઈ રહેલા દંપતી પૈકી પત્નીનું અચાનક હૃદયરોગનો હુમલો આવી જવાથી મોત નીપજ્યું હતું.મૂળ માલકનેસ ગામના અને હાલ વાવેરા પ્લોટ વિસ્તારમાં રહેતા હસમુખભાઈ રૂખડભાઈ મકવાણા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના પત્ની ભાનુબેન સાથે મોટરસાઈકલ પર થોરડીથી મોટા આગરીયા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન રાત્રિના અંધકારમાં સામેથી આવી રહેલા એક મોટા વાહનની તીવ્ર લાઈટ આંખોમાં પડતાં રસ્તો દેખાતો બંધ થઈ ગયો હતો. સંભવિત અકસ્માત ટાળવા માટે તેમણે તાત્કાલિક જોરદાર બ્રેક મારી હતી. અચાનક લાગેલી બ્રેક અને ભયના કારણે પાછળ બેઠેલા પત્ની ભારે ગભરાટમાં મુકાઈ ગયા હતા અને તેમને સ્થળ પર જ હૃદયરોગનો ગંભીર હુમલો આવી ગયો હતો, જેના પગલે તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ રમેશભાઈ ભાનુભાઈ મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'દારૂની મહેફિલો કરતા નહીં અને ગામનું વાતાવરણ બગાડતા નહીં' કહેતા ગાળો આપી

**અમરેલી શહેરની ઘટનાથી ખળભળાટ**

અમરેલી, તા.૨૮

અમરેલીમાં રહેતા કિશોરભાઈ રમેશભાઈ દાફડા (ઉ.વ. ૩૨)એ સુનિલભાઈ ખીમાભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીને "તમે ગામમાં દારૂની મહેફિલો કરતા નહીં અને ગામનું વાતાવરણ બગાડતા નહીં" તેમ કહેતાં આરોપીને સારું નહોતું લાગ્યું. આથી આરોપીએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, ધક્કો મારી પછાડી દઈ માથાના પાછળના ભાગે મૂઢ ઈજા પહોંચાડી હતી. જેથી યુવકે ફરિયાદ નોંધાવતા અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં જન્મજાત ક્લબફૂટ ધરાવતા બાળકની સફળતાપૂર્વક સારવાર કરાઈ

ધારી,તા.૨૮

ધારી તાલુકાના ગધઈપરા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નવજાત શિશુને જન્મજાત ક્લબફૂટની સમસ્યા હોવાનું આરોગ્ય વિભાગના ધ્યાન પર આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષી, આર.સી.એચ.ઓ. ડો. અખિલેશ કુમાર સિંગ, ડો. આર.કે. જાટ તથા તાલુકા હેલ્થ



ઓફિસર ડો. ડી.સી. મકવાણાના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે. ટીમે બાળકની મુલાકાત લીધી હતી. ટીમ દ્વારા પરિવારને જરૂરી સમજ આપી સંદર્ભકાર્ડ કાઢી બાળકને સારવાર માટે રિફર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રથમ પ્લાસ્ટર પધ્ધતિથી અને પછી વિશેષ શૂઝની મદદથી વિનામૂલ્યે સફળ સારવાર કરવામાં આવી હતી. ફોલોઅપ બાદ બાળક હાલ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. આ કામગીરી બદલ પરિવારજનો અને સ્થાનિક આગેવાનોએ આરોગ્ય વિભાગની ટીમને અભિનંદન પાઠવી કામગીરીને બિરદાવી હતી.

# વડીયાના મોરવાડા ગામે પુરુષને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

**પગના સાથળ પર લાકડીનો ઘા પણ માર્યો**

વડીયા, તા. ૨૮

વડીયાના મોરવાડા ગામે એક પુરુષને પગના સાથળ પર લાકડીનો ઘા મારવામાં આવ્યો હતો, તેમજ ટાંગા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આ અંગે હરસુરભાઈ વાસુરભાઈ વરણીયા (ઉં.વ.૫૮)એ રાજદીપભાઈ હસુભાઈ બસીયા અને સીધુભાઈ હસુભાઈ બસીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની ગાય આરોપીના શેઢે ગઈ હતી, જેથી આરોપીઓએ તેમને ગાળો આપી ઢીંકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત, લાકડીનો ઘા પગના સાથળ પર મારી ટાંગા ભાંગી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની હોસ્પિટલમાંથી નેત્રદાન મેળવી બે દ્રષ્ટિહીન વ્યક્તિઓનું જીવન રોશન કરાયું

અમરેલી,તા.૨૮

અત્યારે ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ચક્ષુદાન સપ્તાહની ઉજવણી થઈ રહી છે, ત્યારે અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ સિવિલ હોસ્પિટલ ખાતે માનવતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. તાજેતરમાં દામજીભાઈ દેવજીભાઈ વ્યાસનું અવસાન થતાં તેમના પરિવારજનોએ તેમનું નેત્રદાન કરવાનો નિર્ણય લીધો હતો. આ સંવેદનશીલ નિર્ણયને અમલમાં મૂકવા માટે હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. પંડ્યાએ ત્વરિત સજગતા દાખવીને ઈન્ડિયન



રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ જરૂરી કાનૂની અને તબીબી પ્રક્રિયા પૂર્ણ કરીને સફળતાપૂર્વક ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સમગ્ર ચક્ષુદાન પ્રક્રિયાને સુચારૂરૂપે પૂર્ણ કરાવવામાં ઈલાબેન વાઢેર તેમજ ડૉ. હરેશભાઈ યાદવનો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો હતો.

# બાબરાના લાલકા ગામે ખેતીકામ મુદ્દે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ ગળાફાંસો ખાધો

બાબરા, તા.૨૮

બાબરાના લાલકા ગામે ખેતીકામ મુદ્દે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ ગળાફાંસો ખાધો હતો.

આ અંગે દિનેશભાઈ રણછોડભાઈ ઝાપડીયા (ઉ.વ.૨૫)એ પોલીસ સમક્ષ જાહેર કરેલી વિગત મુજબ, તેમણે ખેતરમાં વાવેલી મગફળીમાં પાણી પાવા બાબતે પત્ની સાથે બોલાચાલી થઈ હતી અને તેમણે પત્નીને ઠપકો આપ્યો હતો. જેથી પત્નીને મનમાં માઠું લાગી આવતાં, ઘરે કોઈ ન હતું ત્યારે છતની આડી (નાટ) સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.

બાદમાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં ઈદ નિમિત્તે બહેરા-મૂંગા શાળાના બાળકોમાં નાસ્તા-સ્ટેશનરીનું વિતરણ કરાયું

અમરેલી,તા.૨૮

અમરેલી ખાતે ઈદ નિમિત્તે સૌરાષ્ટ્ર લાઈફ લાઈન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બહેરા-મૂંગા શાળા ખાતે બાળકો માટે સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોને નાસ્તો તથા સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા બાળકોના શિક્ષણને પ્રોત્સાહન




મળે અને તેમના ચહેરા પર ખુશી આવે તેવા હેતુથી આ સેવાકીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભવિષ્યમાં પણ સમાજના જરૂરિયાતમંદ લોકો તથા બાળકો માટે આવા સેવાકીય કાર્યો કરવામાં આવશે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૨૯-૦૮-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૫૭,
સૂર્યાસ્ત-૦૬:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૨૯-૦૮-૨૦૨૬ શનિવાર**

મેષઃ પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે.

વૃષભઃ ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુનઃ સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે.વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઇફ માટે સમય કાઢી શકશો.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહઃ વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે.

કન્યાઃ રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલાઃ કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિકઃ દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે.

ધનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકરઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભઃ ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો,

મીનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૨૮

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત સંસ્કૃત સપ્તાહ ઉજવણી-૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલી ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્કૃત સંભાષણ વિશે માહિતી આપવામાં આવી હતી અને વિદ્યાર્થિનીઓએ સંસ્કૃત સુભાષિતોનું



સમૂહગાન કરવા સાથે ધ્યેય વાક્યોનો પરિચય મેળવ્યો હતો. આ ઉપરાંત સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધા તથા સંસ્કૃત સાહિત્યના પ્રશ્નોની મૌખિક ક્વિઝનું આયોજન કરાયું હતું, જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમ કૉલેજના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. એમ.જે. પટોળિયાના માર્ગદર્શન હેઠળ અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબેન સોરઠિયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. શ્લોકગાન સ્પર્ધામાં મુંગલપરા રોમાન્સી તથા ગોંડલીયા ધ્રુવી પ્રથમ સ્થાને, મારૂ ભક્તિ દ્વિતીય સ્થાને અને બતાડા ભારતી તૃતીય સ્થાને રહ્યા હતા. આ સ્પર્ધામાં ડૉ. એમ.જે. પટોળિયા અને પ્રા. ડી.એચ. ગજેરાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

# રાજુલામાંથી ૬ જુગારી રૂ. ૧,૮૬,૮૭૦ના મુદ્દામાલ સાથે પોલીસના હાથે ઝડપાયા

**બે શકુની પોલીસને થાપ આપી ફરાર**

રાજુલા, તા. ૨૮

રાજુલામાંથી ૬ જુગારીઓ રૂ. ૧,૮૬,૮૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસ રેડ દરમિયાન રફીકભાઈ ઉર્ફે ટાઢો અબાભાઈ જાખરા, હમીદભાઈ રજાકભાઈ મોરખ, કાદરભાઈ કરીમભાઈ મોરખ, સુમારભાઈ સુલેમાનભાઈ ગાહા, હાજુભાઈ ભીખાભાઈ કનોજીયા તથા મેરૂભાઈ આલ્કુભાઈ કોટીલા હાર-જીતનો જુગાર રમતા રોકડ રૂ. ૧,૧૧,૮૭૦ તથા રૂ. ૭૫,૦૦૦ની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૮૬,૮૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.આ રેડ દરમિયાન આદીલભાઈ ઈસ્માઈલભાઈ ગાહા અને અક્રમભાઈ લાખાભાઈ આલીપોટા નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે કુલ ચાર લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. અમરેલીમાં ગુજકોમીલની સામે હીરાનગરમાંથી એક મહિલા ૫ લીટર દેશી દારૂ સાથે પકડાઈ હતી. ડુંગર બસ સ્ટેશન પાસેથી ૧ લીટર, જાફરાબાદના કેરાળા બસ સ્ટેશન પાસેથી ૪ લીટર તથા સાવરકુંડલાના નેસડી ગામેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો. બાબરાના નાની કુંડળ ગામે વાડી ખેતરના શેઢેથી દેશી દારૂ બનાવવાનો ૬૦ લીટર આથો ઝડપાયો હતો.

## જિલ્લામાં બે મહિલા સહિત ચાર લોકો પાસેથી ૧૬ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં બે મહિલા સહિત ચાર લોકો પાસેથી ૧૬ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. ઉપરાંત, અમરેલી, સાવરકુંડલા અને કાલોરાણામાંથી બે-બે તથા જાફરાબાદમાંથી એક મળી કુલ સાત ઈસમો નશાની હાલતમાં રખડતા મળી આવ્યા હતા. પોલીસે તમામ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજુલાના ભચાદર ગામની સીમમાં ખેતરમાં ચાલવાના રસ્તાના વિવાદમાં કુહાડાનો ઘા માર્યો

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી**

રાજુલા, તા. ૨૮

રાજુલાના ભચાદર ગામની સીમમાં ખેતરમાં ચાલવાના રસ્તાના વિવાદમાં એક યુવક પર કુહાડા વડે હુમલો કરવામાં આવ્યો હતો તથા જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ અંગે ભેરાઈ ગામના બાબુભાઈ હરસુરભાઈ રામ (ઉં.વ.૩૨) એ તેમના જ ગામના દેસુરભાઈ દડુભાઈ રામ, શિવાભાઈ જંડુરભાઈ રામ, લાલાભાઈ લખમણભાઈ રામ, મંગાભાઈ રાણીંગભાઈ વાઘ, બીજલભાઈ કથડભાઈ વાઘ તથા રામપરા-૨ ગામના એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, બાબુભાઈને દેસુરભાઈ, શિવાભાઈ અને લાલાભાઈ સાથે ખેતરમાં ચાલવાના રસ્તા બાબતે વિવાદ ચાલતો હતો અને આ અંગે કોર્ટમાં કેસ પણ પેન્ડિંગ છે. આ બાબતનું મનદુઃખ રાખી દેસુરભાઈએ બાબુભાઈના જમણા પગના નળાના ભાગે કુહાડો મારી લોહી કાઢ્યું હતું. તેમજ શિવાભાઈ અને લાલાભાઈએ લોખંડની પાઈપ વડે શરીરે આડેધડ માર મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી ગાળો આપી હતી.દરમિયાન મંગાભાઈ, બીજલભાઈ તથા એક અજાણ્યો ઈસમ પાછળથી ફોરવ્હીલ કારમાં આવ્યા હતા અને તેમણે પણ શરીરે આડેધડ માર મારી મૂંઢ ઈજા કરી ગાળો આપી હતી. તેમજ બાબુભાઈ અને તેમના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ આ અંગે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એલ. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## તંત્રી લેખ

# અમેરિકાનું 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ'

અમેરિકાએ ઈરાન સામ'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' નામનું અભૂતપૂર્વ આર્થિક અભિયાન શરૂ કર્યું છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે આ અભિયાનની જાહેરાત કરી છે, જેનો ઉદ્દેશ ઈરાનની દરેક આર્થિક જીવનરેખાને તોડી નાખવાનો છે. આ અભિયાન હેઠળ અમેરિકાએ લગભગ ૬૦ સંસ્થાઓ, વ્યક્તિઓ અને વહાણો પર પ્રતિબંધો લાદ્યા છે, જે પરમાણુ અને મિસાઈલ ટેકનોલોજી, સાયબર કામગીરી અને તેલ આવક નેટવર્ક સાથે સંકળાયેલા છે. જેવી તેવી નથી.આ અભિયાન ઈરાનને વૈશ્વિક નાણાકીય નેટવર્કથી અલગ કરવા, તેની તેલ આવક મર્યાદિત કરવા અને પાંચ મુખ્ય ક્ષેત્રો ડિજિટલ સંપત્તિઓ, ટેકનોલોજી, સોનું, ઉડ્ડયન અને શિપિંગ પર કડક પ્રતિબંધો લાદવાની હાકલ કરે છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન સાથે કોઈ પણ પ્રકારનો વ્યાપાર કરનારાઓને ગૌણ પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે. ભારતીય કંપનીઓ પર સીધી અસર આ અભિયાન હેઠળ અમેરિકાએ ચાર ભારતીય કંપનીઓ અને ત્રણ ભારતીય નાગરિકો પર પ્રતિબંધો લાદ્યા છે. આ કંપનીઓમાં પોર્ટીઝ પાર્ટનર્સ એલએલપી, સદાશિવા ઓવરસીઝ લિમિટેડ, પીપી સોફ્ટટેક પ્રાઈવેટ લિમિટેડ અને પ્રકૃતિસ ઈન્ફ્રા ઈમ્પેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. અમેરિકાનો આરોપ છે કે આ કંપનીઓએ ઈરાની પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાતમાં સંડોવણી ધરાવે છે. સદાશિવા ઓવરસીઝે લગભગ ૬૯ મિલિયન ડોલરનું, જ્યારે અન્ય બે કંપનીઓએ લગભગ ૨૫-૨૫ મિલિયન ડોલરનું ઈરાની તેલ ઉત્પાદનો આયાત કર્યાનો આરોપ છે. ભારત અને ઈરાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૧૮-૧૯માં ૧૭ અબજ ડોલરની ટોચથી ૯૦ ટકાથી વધુ ઘટી ગયો છે. ૨૦૨૫-૨૬માં આ વેપાર માત્ર ૧.૬૩ અબજ ડોલર જેટલો રહ્યો છે. ભારતની નિકાસ ૧.૨૬ અબજ ડોલર જેટલી રહી છે, જ્યારે આયાત ૩૭૦ મિલિયન ડોલર જેટલી રહી છે. આમ, ભારતને ઈરાન સાથે વેપાર સરપ્લસ છે, પરંતુ કુલ વેપારનું પ્રમાણ ભારતીય અર્થતંત્રની તુલનામાં ઘણું ઓછું છે. ભારત ઈરાનને મુખ્યત્વે બાસમતી ચોખા, ચા, દવાઓ, ખાંડ, ફળો અને મસાલાઓની નિકાસ કરે છે. ૨૦૨૫-૨૬માં ભારતે ઈરાનને ૮૧૦ મિલિયન ડોલરથી વધુનો ચોખાનો નિકાસ કર્યો છે. આ નિકાસનો મોટો ભાગ દુબઈ બંદર દ્વારા થતો હતો, પરંતુ યુએઈએ ઈરાન સાથેના તમામ વેપાર અને નાણાકીય વ્યવહારો સ્થગિત કરી દીધા છે. આના કારણે ભારતીય નિકાસકારોને ચુકવણી અને શિપિંગમાં ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે આ નવા પ્રતિબંધો ભારતની ચોખા, ચા અને દવાઓની નિકાસ પર પ્રતિકૂળ અસર કરી શકે છે.તેલ આયાતમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. ભારતે ૨૦૧૯થી ઈરાની ક્રૂડ ઓઈલની આયાત લગભગ બંધ કરી દીધી હતી. જોકે, અમેરિકાના કામચલાઉ માફી બાદ એપ્રિલ અને મે ૨૦૨૬માં ભારતે ૭૦૭ મિલિયન ડોલરનું ઈરાની તેલ ખરીદ્યું હતું. પરંતુ જૂનથી આ આયાત ફરી બંધ કરી દેવામાં આવી છે. જો ઈરાની તેલને વૈશ્વિક બજારમાંથી સંપૂર્ણપણે દૂર કરવામાં આવે તો, બ્રેન્ટ ક્રૂડના ભાવ વધવાની શક્યતા છે, જે ભારત જેવા તેલ આયાતકાર દેશ માટે ચિંતાનો વિષય છે. ચાબહાર બંદર પર સંકટ ઉભું થયું છે.ચાબહાર બંદર ભારત માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે, કારણ કે તે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવાનો વૈકલ્પિક માર્ગ પૂરો પાડે છે. અમેરિકાએ સપ્ટેમ્બર ૨૦૨૫માં ચાબહાર માટેની તમામ માફી પાછી ખેંચી લીધી હતી. ભારતે તેના ૧૨૦ મિલિયન ડોલરના રોકાણને અગાઉથી ચૂકવી દીધું છે અને પોતાનો હિસ્સો સ્થાનિક સંસ્થાઓને ટ્રાન્સફર કરી દીધો છે. ૨૦૨૬-૨૭ના કેન્દ્રીય બજેટમાં ચાબહાર માટે કોઈ ફાળવણી કરવામાં આવી નથી. આ પરિસ્થિતિમાં ચાબહાર પ્રોજેક્ટનું ભવિષ્ય અનિશ્ચિત બની ગયું છે. આ અભિયાન ફક્ત ભારતને જ નહીં, પરંતુ ઈરાનના અન્ય વેપારી ભાગીદારોને પણ અસર કરશે. ચીન ઈરાની તેલનો સૌથી મોટો ખરીદદાર છે, જે ઈરાનની ૮૦ ટકાથી વધુ તેલ નિકાસ ચીન જાય છે. અમેરિકાએ ઘણી ચીની અને હોંગકોંગ સંસ્થાઓ પર પણ પ્રતિબંધો લાદ્યા છે, પરંતુ ચીનની મોટી નાણાકીય સંસ્થાઓને લક્ષ્ય બનાવવામાં આવી નથી. તુર્કી અને ઈરાક પણ ઈરાન સાથે નોંધપાત્ર વેપાર ધરાવે છે, જેના પર આ પ્રતિબંધોની અસર થશે. ભારત-અમેરિકા સંબંધો પર અસરો નકારાત્મક હશે.આ પ્રતિબંધો ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધારી શકે છે, જે ટેરિફ, રશિયા અને ટ્રમ્પ વહીવટીતંત્રના વ્યવહારુ અભિગમને કારણે પહેલાથી જ તણાવપૂર્ણ છે. નિષ્ણાતોના મતે, ગૌણ પ્રતિબંધો ભારત-અમેરિકા સંબંધોને વધુ નબળા પાડી શકે છે. અમેરિકા ભારતને ગંભીર ધમકી આપી રહ્યું છે, જ્યારે ચીન સામે તેવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

# ભયાનક પૂરની તબાહીથી હિમાલયની ગોદમાં છવાયું માતમ



ગયા બુધવારે નેપાળની ધરતી પર કુદરતે એવો કહેર વરસાવ્યો કે આખું હિમાલય ક્ષેત્ર હચમચી ગયું છે. નેપાળ-તિબેટ સરહદ પર આવેલા રાસુવા વિસ્તારમાં અચાનક આવેલા વિનાશક પૂરે હજારો જિંદગીઓને અંધકારમાં ધકેલી દીધી છે. અત્યાર સુધીમાં ચારસો પચાસથી વધુ નિર્દોષ લોકોના મોતની સત્તાવાર પુષ્ટિ થઈ ચૂકી છે. આ આંકડો હજુ અંતિમ નથી. જેમ જેમ બચાવ કામગીરી આગળ વધી રહી છે તેમ તેમ મૃત્યુઆંક વધવાની ભીતિ સેવાઈ રહી છે. પૂરને લગભગ અડતાલીસ કલાક જેટલો સમય વીતી ગયો હોવા છતાં ચૌદસોથી વધુ લોકો હજુ પણ ગુમ છે અને કાટમાળ નીચે દબાયેલા લોકોને જીવતા શોધવાની આશા હવે ધીમે ધીમે ઓછી થતી જાય છે. આ ઘટનાએ માત્ર નેપાળને જ નહીં પરંતુ સમગ્ર હિમાલય ક્ષેત્રની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. દુર્ઘટના કે માનવસર્જિત વિનાશ એવો પ્રશ્ન આજે થઈ રહ્યો છે સામાન્ય રીતે આવા પૂરને કુદરતી આફત કહીને તેની ફાઈલ બંધ કરી દેવામાં આવે છે પરંતુ આ વખતે પરિસ્થિતિ જુદી છે. આ દુર્ઘટના પછી જે સવાલો ઉઠી રહ્યા છે તે કુદરત કરતા માનવીય બેદરકારી તરફ વધુ ઈશારો કરે છે. ખાસ કરીને છેલ્લા કેટલાક દાયકાઓથી હિમાલય જેવા અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં થઈ રહેલા બેફામ બાંધકામો સામે ફરી એકવાર આંગળી ચિંધાઈ રહી છે. પર્યાવરણવિદો લાંબા સમયથી ચેતવણી આપી રહ્યા છે કે હિમાલયની સહનશક્તિની પણ એક હદ છે અને જો તે હદ વટાવવામાં આવશે તો તેના પરિણામો અત્યંત ભયાનક આવશે. નેપાળનું આ પૂર એ જ ચેતવણીનું જીવતું ઉદાહરણ બની ગયું છે. નિર્વાસિત તિબેટીયન સરકારનો ગંભીર આરોપ ખૂબ ગંભીર છે.આ સમગ્ર મામલે સૌથી મોટો અને ગંભીર આરોપ નિર્વાસિત તિબેટીયન સરકાર એટલે કે સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશન દ્વારા લગાવવામાં આવ્યો છે. સીટીએએ પોતાના સત્તાવાર નિવેદનમાં આ દુર્ઘટના માટે સીધી રીતે ચીનને જવાબદાર ઠેરવ્યું છે. સંસ્થાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ચીન છેલ્લા ઘણા દાયકાઓથી તિબેટીયન ઉચ્ચપ્રદેશ પર મૃત્યુનું જાળું પાથરી રહ્યું છે અને આ પૂર તેનું જ પરિણામ છે. જ્યારે ચીન આ આરોપોને નકારી રહ્યું છે ત્યારે આવા આરોપોને સંપૂર્ણપણે નકારી પણ શકાય તેમ નથી કારણ કે જમીની હકીકતો કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. સીટીએએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે ચીન ગ્રીન એનર્જી અને વિકાસના સુંદર નામ હેઠળ તિબેટના પર્યાવરણને નષ્ટ કરી રહ્યું છે. તિબેટીયન ઉચ્ચપ્રદેશ વિશ્વનું સૌથી નાજુક ઈકોસિસ્ટમ ધરાવતું ક્ષેત્ર છે. અહીંનું તાપમાન પહેલેથી જ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વૈશ્વિક સરેરાશ કરતા બમણી ઝડપથી વધી રહ્યું છે. આવા સંજોગોમાં ત્યાં મોટા પાયે બાંધકામ કરવું એ કુદરત સાથે છેડછાડ કરવા બરાબર છે. ચીન સરકાર ત્યાં વિશાળ જળાશયો, મોટા બંધો, સૌર ઉર્જા પાર્ક અને રેલ્વે લાઈનોનું નિર્માણ કરી રહી છે. આ બાંધકામો માટે પહાડોને તોડવામાં આવી રહ્યા છે, જંગલો કાપવામાં આવી રહ્યા છે અને નદીઓના કુદરતી પ્રવાહને રોકવામાં આવી રહ્યો છે. હિમાલય હજુ પણ એક નવો અને વિકસતો પર્વત છે. તેની ભૂસ્તરીય રચના અત્યંત નબળી અને અસ્થિર છે. અહીં નાની એવી હલચલ પણ મોટા ભૂસ્ખલન અને પૂરનું કારણ બની શકે છે. આ વાત વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલી છે. તેમ છતાં ચીન દ્વારા આ વિસ્તારમાં કરવામાં આવી રહેલું બાંધકામ કોઈપણ પર્યાવરણીય અસરના અભ્યાસ વગર થઈ રહ્યું હોવાનો આરોપ છે. જ્યારે પહાડોની અંદર ટનલો બનાવવામાં આવે છે અને ડાયનામાઈટથી બ્લાસ્ટ કરવામાં આવે છે ત્યારે તેની સીધી અસર પહાડોની સ્થિરતા પર પડે છે. પાણીના કુદરતી નિકાલના માર્ગો બંધ થઈ જાય છે અને પછી થોડો પણ વધુ વરસાદ પડે તો તે વિનાશક પૂરમાં ફેરવાઈ જાય છે. આ પૂરની સૌથી વધુ અસર નેપાળના રાસુવા ગેગેલિંગ વસાહતમાં જોવા મળી છે. અહીં અગિયાર તિબેટી પરિવારો આખેઆખા પૂરમાં તણાઈ ગયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત શબ્રુ માર્કેટ અને તિમુર વિસ્તારમાં પણ અનેક લોકો ગુમ થયા છે. સીટીએએ આપેલી માહિતી અનુસાર નેપાળ અને તિબેટ બંને પ્રદેશોમાં મળીને પંદરસોથી વધુ લોકો આ દુર્ઘટનાથી પ્રભાવિત થયા છે જેમાં મૃત્યુ પામેલા, ઘાયલ થયેલા અને ગુમ થયેલા લોકોનો સમાવેશ થાય છે. જોકે હજુ સુધી ચોક્કસ આંકડા સામે આવ્યા નથી કારણ કે ઘણા વિસ્તારોમાં હજુ પણ બચાવ ટુકડીઓ પહોંચી શકી નથી. આ આંકડા માત્ર આંકડા નથી પરંતુ દરેક આંકડા પાછળ એક પરિવારની વેદના છુપાયેલી છે. આ ગંભીર આરોપો બાદ ચીને હંમેશની જેમ પોતાનો બચાવ કરતા આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ચીનનું કહેવું છે કે આ દોષારોપણનો સમય નથી. ચીને એવા અહેવાલોને પણ ફગાવી દીધા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ચીન પાસે પૂર અંગેની અગાઉથી માહિતી હતી અને જો તેણે સમયસર નેપાળને ચેતવણી આપી હોત તો સેંકડો લોકોના જીવ બચાવી શકાયા હોત. ચીનના આ ઈનકારથી અનેક નવા સવાલો ઉભા થાય છે. જો તિબેટમાં થતી દરેક ગતિવિધિ પર ચીનની નજર છે તો શું તેને હવામાન અને પાણીના સ્તરમાં આવેલા અસામાન્ય વધારાની જાણ નહોતી. નેપાળના ભૂતપૂર્વ મંત્રીઓ અને વરિષ્ઠ પત્રકારોએ પણ અગાઉ આ મુદ્દે ચીન સામે સવાલો ઉઠાવ્યા હતા. આ સમગ્ર ઘટના પર તિબેટી આધ્યાત્મિક નેતા પરમ પૂજ્ય દલાઈ લામાએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે અને અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે સાથે તેમણે વિશ્વ સમુદાયને એક અત્યંત મહત્વની અપીલ પણ કરી છે. તેમણે કહ્યું છે કે હિમાલય ક્ષેત્ર માત્ર નેપાળ કે તિબેટનો નથી પરંતુ તે સમગ્ર માનવજાતની ધરોહર છે અને તેના પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. જો આપણે હજુ પણ નહીં જાગીએ તો ભવિષ્યમાં આનાથી પણ મોટી આફતોનો સામનો કરવો પડી શકે છે. હવે ચૂપ રહેવાનો સમય નથી.સીટીએએ પોતાના નિવેદનના અંતમાં એક ખૂબ જ માર્મિક વાત કહી છે કે હવે ચૂપ રહેવાનો સમય નથી. ચીનના આ બેજવાબદાર પગલાં માત્ર તિબેટ કે નેપાળને જ નહીં પરંતુ સમગ્ર માનવજાતને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે. આજે નેપાળમાં જે થયું છે તે કાલે ભારતના હિમાલય ક્ષેત્રમાં પણ થઈ શકે છે. બ્રહ્મપુત્રા અને સિંધુ જેવી મોટી નદીઓનો ઉદગમ તિબેટમાં છે અને ત્યાં બંધાતા વિશાળ બંધોની સીધી અસર ભારત અને બાંગ્લાદેશ જેવા દેશો પર પડે છે. તેથી આ મુદ્દાને માત્ર બે દેશો વચ્ચેના વિવાદ તરીકે ન જોતા તેને વૈશ્વિક પર્યાવરણીય કટોકટી તરીકે જોવાની જરૂર છે.

**ભારતમાં લોકો શ્રાવણ મહિનાના તહેવારો ઉજવી રહ્યા છે બરોબર તે જ સમયે નેપાળની અંદર ભયાનક પૂરની તબાહીથી હાહાકાર થયો છે. આની પાછળ ચીનનું કાવતરું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ એક ગંભીર બાબત ગણવામાં આવી છે.**

# સોના-ચાંદીના ભાવમાં ફરી ઉછાળો, ચાંદીમાં રૂ.૪,૨૯૯નો ભાવવધારો

**એમસીએક્સ વાયદા બજારમાં કિંમતી ધાતુઓમાં તેજી**





મુંબઈ,તા.૨૮

વૈશ્વિક બજારની અસરો વચ્ચે કિંમતી ધાતુઓના ભાવમાં ફરી એકવાર મોટી હલચલ જોવા મળી રહી છે. એમસીએક્સ વાયદા બજારમાં આજે સોના અને ચાંદી બંનેના ભાવમાં રિકવરી સાથે ઉછાળો નોંધાયો હતો. ચાંદીનો અગાઉનો બંધ ભાવ રૂ.૨,૪૦,૬૫૧ હતો, જ્યારે આજે તે રૂ.૨,૪૦,૧૯૧ના ભાવે ખુલ્યું હતું.

દિવસ દરમિયાન ચાંદી રૂ.૨,૩૯,૦૪૯ના નીચલા સ્તરે પહોંચ્યા બાદ તીવ્ર સુધારા સાથે રૂ.૨,૪૪,૯૫૦ની ઊંચી સપાટીએ પહોંચી હતી. આમ, ચાંદીમાં નીચલી સપાટીથી રૂ.૪,૨૯૯નો મોટો ઉછાળો નોંધાયો હતો. બીજી તરફ, સોનાનો અગાઉનો બંધ ભાવ રૂ.૧,૫૮,૯૯૬ હતો અને આજે રૂ.૧,૫૮,૫૬૯ના ભાવે ખુલ્યું હતું. સોનું દિવસ દરમિયાન રૂ.૧,૫૭,૮૪૨ના નીચલા સ્તરે ગયા બાદ સુધરીને રૂ.૧,૫૯,૭૪૧ની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. આમ, સોનાના ભાવમાં અગાઉના બંધ ભાવની સરખામણીએ આશરે રૂ.૫૦૦નો વધારો નોંધાયો હતો.

# એઆઈને કારણે અનેક નોકરીઓ પર ખતરો : બિલ ગેટસની ચેતવણી

**AIના સમયમાં બદલાવને માનવ ઇતિહાસના સૌથી ઉથલપાથલવાળા સમયમાંનો એક**



મુંબઈ,તા.૨૮

AIનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ITથી લઈને એજ્યુકેશન સેક્ટર સુધીમાં AIનો ઉપયોગ થઈ રહ્યો છે. AIને કારણે ઘણી નોકરીઓ પણ જઈ રહી છે. પરંતુ, હવે માઈક્રોસોફ્ટનાં સંસ્થાપક બિલ ગેટ્સે આ અંગે મોટી ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે માણસ આવનારા વર્ષોમાં AI જે બદલાવ લાવી શકે છે, તેના માટે હજુ તૈયાર નથી.

તેમનું કહેવું છે કે AIને કારણે ઝડપથી થનારા બદલાવ માટે દુનિયાએ અત્યારથી જ તૈયારી શરૂ કરવી પડશે. તેમના મતે તેની અસર નોકરીઓ, સરકાર, કારોબાર અને અહીં સુધી કે માનવીય સંબંધો પર પણ પડી શકે છે. પોતાના તાજેતરના બ્લોગ પોસ્ટ 'The turbulent AI era is here. The choices we make now are critical'માં ગેટ્સે AIથી મળનારા ફાયદા અને તેનાથી જોડાયેલા જોખમો પર વાત કરી છે. તેમણે AIના સમયમાં બદલાવને માનવ ઈતિહાસના સૌથી ઉથલપાથલવાળા સમયમાંનો એક ગણાવ્યો છે. ગેટ્સ માને છે કે AI ડોકટરો અને શિક્ષકોની મદદ કરવા, ખેતીને બહેતર બનાવવા અને સરકારી સેવાઓમાં સુધાર લાવવા જેવી ઘણી વસ્તુઓ કરી શકે છે. પરંતુ સાથે જ તેમણે ચેતવણી આપી કે સમાજ હજુ તે મોટા બદલાવ માટે તૈયાર નથી, જે આ ટેકનોલોજી લાવી શકે છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ


**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૬૦ | ૩૬૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવળ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘીસોડા | ૪૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૧૦૦ | ૭૦૦ |
| કારેલા | ૬૦ | ૩૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૬૬૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૨ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૮૩૦ | ૧૨૨૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૮૦ | ૫૮૦ |
| દુધી | ૩૧૦ | ૪૨૦ |
| કારેલા | ૨૫૦ | ૩૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૨૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૭૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૫૦૦ | ૮૪૦ |
| લસણ સુકું | ૧૬૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૭૫૦ | ૯૮૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૮૦૦ | ૨૦૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૫૭



**આડી ચાવી :**
(૧) લગ્ન જીવનમાં વિશ્વાસ એ જીવનનું જમા .... છે. (૨)
(૨) આયુષ્ય (૪)
(૬) ખાનગી (૨)
(૭) જોડાયેલું,યુકત (૩)
(૮) એક કીમતી લાકડું (૨)
(૯) ભોગવટાનો હકક, તાબો (૩)
(૧૧) કઢંગી,વિષમ (૩)
(૧૩) દાઝયા પર ન દેવાય (૨)
(૧૫) ઠીક,બરાબર (૨)
(૧૬) અર્ધાનો અર્ધો (૧)
(૧૭) કર્તવ્ય (૩)
(૧૯) એક ફૂલ (૩)
(૨૧) અભિગમ,મનોવૃતિ (૩)
(૨૩) લિફાફો (૩)
(૨૪) મનોરંજન માટેની ટિકિટનો ચૂકવાય (૨)
(૨૫) પ્રાધ્યાપક (૨)
(૨૬) ફૂંકાવું (૨)
(૨૭) એક રાશિ (૨)
(૨૮) ભ્રાંતિ,ખોટો ખ્યાલ (૩)
(૨૯) આછો પાસ,વસ્ત્રોમાં મૂળ રંગની વચ્ચે આછી હોય (૨)
(૩૦) ચોખવટ (૩)

**ઉભી ચાવી :**
(૧) પૃષ્ઠ (૨)
(૨) ઉંમર (૨)
(૩) સમયને હિંદીમાં કહેવાય (૨)
(૪) અનેક રીતે લખાતો એકમાત્ર વ્યંજન (૧)
(૫) જવાબદાર,જ જયારે આડા-અવળા થઈ જાય (૫)
(૬) પાણીની છોળ (૩)
(૭) જેવો....તેવો રંગ (૨)
(૮) માનુનીનું પ્રિય વસ્ત્ર પરિધાન (૨)
(૧૦) ..... કા ગુલામ (૨)
(૧૨) પટાવવું (૫)
(૧૪) ગળે વીંટવાનો પટ્ટો (૪)
(૧૮) લડાઈ,વેરાન (૨)
(૧૯) મીઠાઈ (૪)
(૨૦) બાણ (૨)
(૨૧) મુખ (૩)
(૨૨) ....ના એક નાના વિચારમાંથી એક પછી એક મહાન કૃતિઓ સર્જાઈ શકે (૩)
(૨૫) સમાનતા (૩)
(૨૭) સ્થિર, દષ્ટિ (૨)
(૨૮) અભડાયેલું (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૬ જવાબ

**આડી ચાવી:** (૧) તન્મય (૩) અમદાવાદ (૬) મજલ (૮) બીક (૧૦) જગા (૧૧) તરત (૧૩) રબર (૧૫) રીત (૧૭) રસીદ (૧૯) તદબીર (૨૩) વાદ (૨૫) દંગલ (૨૭) મગ (૨૮) પ્રેમ (૨૯) ગજ (૩૦) પાણ (૩૧) હેમા (૩૨) રમલ (૩૩) હરળદ (હળદર). **ઉભી ચાવી:** (૧) તદબીર (૨) યમ (૩) અલગારી (૪) દાવત (૫) દવાત (૭) જજ (૯) કબર (૧૨) રકાબી (૧૪) રસી (૧૬) તત (૧૮) દવા (૨૦) દર્દ (૨૧) રસમ (૨૨) મૃદંગ (૨૪) દમણ (૨૬) ગજર (૨૮) પ્રેમાળ (૩૦) પાલ (૩૧) હેર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# તાલાલામાં નકલી દારૂબંધી મુદ્દે કોંગ્રેસના આક્રમક દેખાવો, ગૃહમંત્રીના રાજીનામાની માંગ

ઉના,તા.૨૮

તાલાલા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સના બેરોકટોક વેચાણ બંધ કરાવવા તથા ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ સાથે ગીરીનામાં ચોક ખાતે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કોંગ્રેસના કાર્યકરોએ સરકાર વિરુધ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી ધરણા કર્યા હતા.

જેથી પોલીસે ધરણા પર બેઠેલા અગ્રણીઓ અને કાર્યકરોની ટીંગાટોળી કરી પોલીસ સ્ટેશન લઈ જઈ અટકાયત કરી હતી. કોંગ્રેસે તાલાલા પીઆઈ મારફતે આવેદનપત્ર આપી ગીર-સોમનાથ જિલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ



**દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર રહ્યો છે : કોંગ્રેસ**

કરવાની માંગ કરી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર રહ્યો છે. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજાભાઈ વંશ, કરશનભાઈ બારડ, નારણભાઈ ભંડેરી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# ગીર ગઢડા તાલુકાના હરમડિયા ગામે ગાંજાનું વાવેતર ઝડપી પાડતી પોલીસ

ઉના,તા.૨૮

ગીર ગઢડા તાલુકાના હરમડિયા ગામની રાજાટીંબા સીમમાં ગીર ગઢડા પોલીસ અને SOGની ટીમે સંયુક્ત દરોડો પાડી અન્ય પાકની આડશમાં ગાંજાનું વાવેતર કરતા ૬૭ વર્ષીય ખેડૂતને ઝડપી પાડ્યો હતો.

પોલીસને બાતમી મળી હતી કે ધીરુભાઈ રૂખડભાઈ મકવાણા પોતાના ખેતરમાં



ગાંજાનું વાવેતર કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી તપાસ કરતા ખેતરમાંથી ૬૨૧ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૩૧,૦૫૦ની કિંમતનો ગાંજો અને એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૩૬,૦૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી અન્ય પાકની આડશમાં ગાંજાનું વાવેતર કરી તેની સુકવણી કર્યા બાદ છૂટક વેચાણ કરતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની પૂછપરછ શરૂ કરી છે. ગાંજાના બીજ ક્યાંથી મેળવ્યા અને કોને વેચાણ કર્યું તે અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

# ૨૦ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર સુધી દર મંગળવારે વેરાવળથી હરિદ્વાર દોડશે ટ્રેન

ઉના,તા.૨૮

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રિકોની વધતી માંગને ધ્યાનમાં લઈને વેરાવળ-હરિદ્વાર સ્પેશિયલ ટ્રેનના વધુ છ ફેરા મંજૂર કરવામાં આવ્યા છે. અગાઉ જુલાઈ માસમાં આ ટ્રેનની સેવા બંધ કરવામાં આવી હતી. ટ્રેન ફરી શરૂ કરવા માટે વેરાવળ રેલવે સલાહકાર સમિતિ તેમજ મુસાફરો દ્વારા લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી રહી હતી. લોકસભા સાંસદ રાજેશ ચુડાસમાએ પણ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ રજૂઆત કરી હતી. તહેવારોની સિઝન દરમિયાન હરિદ્વાર જતા મુસાફરોની સંખ્યા વધવાની સંભાવનાને પગલે રેલવે તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે. ટ્રેન નંબર ૦૯૨૦૩ વેરાવળથી હરિદ્વાર માટે ૨૦ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર સુધી દર મંગળવારે દોડશે. જ્યારે ૦૯૨૦૪ હરિદ્વારથી વેરાવળ માટે ૨૧ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર સુધી દર બુધવારે દોડશે.

# શ્રાવણી પૂર્ણિમાએ એસજીવીપી ગુરુકુલમાં ઋષિકુમારોએ નૂતન યજ્ઞોપવીત ધારણ કર્યું

અમદાવાદ, તા. ૨૮

રક્ષાબંધન અને શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વે એસજીવીપી ગુરુકુલ સ્થિત દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે વૈદિક પરંપરા અને આધ્યાત્મિક ઉર્જાનો સંગમ સર્જાયો હતો. ગુરુવર્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી ઋષિકુમારો દ્વારા વૈદિક ઉપાકર્મ વિધિ અને નૂતન યજ્ઞોપવીત ધારણ મહોત્સવ શ્રધ્ધાભેર



યોજાયો હતો.યજુર્વેદી, ઋગ્વેદી અને અથર્વવેદી પરંપરા મુજબ અનુષ્ઠાનનો પ્રારંભ શાસ્ત્રોક્ત દશવિધ સ્નાનથી થયો હતો. ઋષિકુમારોએ ગૌમૂત્ર, ગોમય, હળદર, ઔષધિ, ફળ, તલ, ધાન્ય, દર્ભ, મૃત્તિકા અને સુવર્ણ જેવા પવિત્ર દ્રવ્યો વડે શુધ્ધિકરણ કર્યું હતું. ત્યારબાદ ગાયત્રી માતા અને સપ્તર્ષિઓની આરાધના કરી સવા લાખ ગાયત્રી મંત્રથી મંત્રિત નૂતન યજ્ઞોપવીત ધારણ કરવામાં આવ્યા હતા. ઋષિકુમારોએ જૂની કાંચળી ત્યાગતા સર્પની જેમ દોષોનો ત્યાગ કરી વેદાધ્યયન અને સંવર્ધનનો સંકલ્પ લીધો હતો. સમગ્ર પરિસરમાં ગૂંજી ઊઠેલા વેદઘોષથી વૈદિક પરંપરાની જીવંત અનુભૂતિ થઈ હતી.

# ધાતરવડી-૧ ડેમમાંથી આવતીકાલે સવારે પાણી છોડાશે, ખેડૂતોમાં ખુશીની લહેર

રાજુલા,તા.૨૮

રાજુલા પંથકના ખેડૂતો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ધાતરવડી-૧ ડેમમાંથી આવતીકાલે સવારે ૧૦:૩૦ કલાકે પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જિગ્નેશભાઈ પટેલના પ્રયાસોથી ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. ડેમનું પાણી ખેતી માટે ઉપલબ્ધ થતાં ખેડૂતોના પાકને ફાયદો થવાની આશા છે. પાણીની ઉપલબ્ધતાથી ખેડૂતોની સિંચાઈ સંબંધિત ચિંતાઓમાં પણ ઘટાડો થશે. ખેડૂત હિતને પ્રાથમિકતા આપી લેવાયેલા આ નિર્ણયને સ્થાનિક ખેડૂતો દ્વારા આવકારવામાં આવી રહ્યો છે. આવતીકાલે સવારે ૧૦:૩૦ કલાકે પાણી છોડવામાં આવનાર હોવાથી ખેડૂતોમાં રાહત અને આનંદની લાગણી પ્રસરી છે.

# વડોદરામાં SGVP ગુરુકુળ પરિવાર દ્વારા વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું

વડોદરા,તા.૨૮

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ (SGVP) દ્વારા પર્યાવરણ જતન અને સંવર્ધનની દિશામાં પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ગૃહમંત્રી અમિતભાઈ શાહના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં વૃક્ષારોપણના મહાસંકલ્પથી પ્રેરિત થઈને, SGVP ગુરુકુળ પરિવાર દ્વારા ૧ લાખ



વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ મહાનિષ્ઠાના ભાગરૂપે અમદાવાદ વડોદરામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે SGVPના અધ્યક્ષ પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીજીના માર્ગદર્શન હેઠળ પૂજ્ય સંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. ન્યાસા ઓક્સિજન પાર્ક ખાતે સંતો અને ભક્તોએ વૃક્ષારોપણ કરીને વડોદરાને હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સા.કુંડલાનું અમૃત સરોવર હવે ‘પંપા સરોવર’ તરીકે ઓળખાશે

અમરેલી,તા.૨૮

સાવરકુંડલાના બાયપાસ માર્ગ પર વિકસિત કરવામાં આવેલું અમૃત સરોવર હવે ‘પંપા સરોવર’ તરીકે ઓળખાશે. ધારાસભ્ય મહેશ કસવાલાના સતત પ્રયત્નો અને માર્ગદર્શન હેઠળ સરોવરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આશરે રૂ. ૬ કરોડના ખર્ચે વિકસિત થનારું આ સ્થળ ભક્તિ, ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને



આધુનિક વિકાસનો અનોખો સંગમ બનશે. વિકાસના બીજા તબક્કામાં બાળકો માટે આકર્ષક ચિલ્ડ્રન પાર્ક, હરિયાળી અને વૃક્ષારોપણ સહિતની કામગીરી કરવામાં આવશે. પરિવારજનો માટે વિવિધ સુવિધાઓ અને મનોરંજનની વ્યવસ્થાઓ પણ ઊભી કરવામાં આવશે. સરોવરના મધ્યમાં ભગવાન રામ, લક્ષ્મણજી અને માતા શબરીના દિવ્ય મિલનની ભવ્ય પ્રતિકૃતિ સ્થાપિત કરવાની યોજના છે. નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ જણાવ્યું હતું કે, રામાયણના પ્રસંગ સાથે જોડાણને પગલે અમૃત સરોવરનું નામ ‘પંપા સરોવર’ રાખવામાં આવશે.


## જય ભગીરથ શરાફી સહકારી મંડળી લી. અમરેલી.

૧૯, બોમ્બે માર્કેટ, લીલીયારોડ,અમરેલી.

## અઢારમી વાર્ષિક સાધારણ સભા

તારીખ ૧૩/૦૮/૨૦૨૬

## સૂચનાપત્ર

આથી મંડળીના તમામ સભાસદ ભાઈઓ/બહેનોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની અઢારમી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૩૦/૦૮/૨૬ને રવિવારે નીચેના સ્થળે/સમયે મળશે. જેમા નીચે મુજબના એજન્ડા પ્રમાણે કામો હાથ ધરવામાં આવશે. તો આપ સહુને હાજરી આપવા વિનંતી.

### :: એજન્ડા ::

૧ સભાનાં અધ્યક્ષની વરણી કરવા બાબત.
૨ ગત તા.૨૪/૮/૨૫ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૩ તા.૩૧/૩/૨૬ ના રોજ પુરા થયેલ વર્ષ ૨૪/૨૫ હીસાબો તથા બોર્ડ ઓફ ડીરેકટર્સના અહેવાલો મંજુર રાખવા બાબત.
૪ વર્ષ ૨૦૨૫/૨૬ ના ચોખ્ખા નફાની ફાળવણી બાબત.
૫ વર્ષ ૨૦૨૫/૨૬ દરમ્યાન મળેલ વ્ય.ક.કમિટીની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.
૬ આંતરીક ઓડીટરની નીમણુક બાબત
૭ મંડળીના વર્ષ ૨૦૨૫/૨૬ ના હિસાબોનું ઓડીટ સરકારશ્રી દ્વારા થયેલ રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૮ મંડળીએ બહારથી કર્જ કરવાની મર્યાદા નકકી કરવા બાબત.
૯ વર્ષ ૨૦૨૬/૨૭ નું અંદાજપત્ર મંજુર રાખવા બાબત.
૧૦ હાથપરની સીલક અને દફતરની જવાબદારી નકકી કરવા બાબત.
૧૧ પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થનાર કામો બાબત.

તારીખ :- ૩૦/૦૮/૨૬ રવિવાર - સમય :- સાંજના ૫-૦૦ કલાકે
સ્થળ :- બોમ્બે માર્કેટ પાર્કીંગ, લીલીયારોડ, અમરેલી.
અલ્પાહાર રાખેલ છે.

નોંધ :- કોરમના અભાવે મુલતવી રાખેલ સભા નિયમ મુજબ અર્ધા કલાક બાદ ફરીથી મળશે જેમા કોરમની જરૂર રહેશે નહી.


# ધોરાજીમાં ઈદ-એ-મિલાદ નિમિત્તે ભવ્ય જુલુસ યોજાયું

ધોરાજી,તા.૨૮



ધોરાજી શહેરમાં પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફાના જન્મદિવસની યાદમાં ઈદ-એ-મિલાદ-ઉન-નબી નિમિત્તે બુધવારે સુન્ની મુસ્લિમ જમાત દ્વારા ભવ્ય જુલુસ યોજાયું હતું. મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જુલુસ બહારપુરાથી નીકળી વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ પોસ્ટ ઓફિસ ચોક ખાતે પૂર્ણ થયો હતો. રૂટ પર ૨૦૦થી વધુ સ્થળોએ પાણી, ચા, ઠંડા-ગરમ પીણા અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે જુલુસ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો હતો.

# ઉના-ગીરગઢડા રોડ પર આત્મહત્યા કરવા ગયેલા યુવાનનો જીવ બચ્યો

ઉના,તા.૨૮

ઉનાના ગીરગઢડા રોડ પર મોદી ગ્રાઉન્ડ નજીકના પુલ પરથી ગુરુવારે સવારે એક અજાણ્યા યુવાને આત્મહત્યાના ઈરાદે છલાંગ લગાવી હતી. સદનસીબે પુલ નીચે ઝાડી-ઝાંખરા હોવાથી તેમાં ફસાઈ જતાં તેનો જીવ બચી ગયો હતો. ઘટનાની જાણ થતાં ઉના પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી



હતી અને યુવાનને સુરક્ષિત બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ પહેલાં યુવાન સ્કૂલ બસ સાથે અથડાવાનો પ્રયાસ કરતાં સ્થાનિકોએ તેને સમજાવ્યો હતો.

જોકે, તે લોકોની નજર ચૂકવી પુલ તરફ દોડી ગયો હતો. હોસ્પિટલમાં પણ યુવાન સતત અલગ-અલગ નામ આપતો હોવાથી તેની ઓળખ થઈ શકી નથી. પોલીસે વાલીવારસાની શોધખોળ શરૂ કરી છે.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનો ૧૭૪મો ‘વિચારોના વાવેતર’ કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૨૮

સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ આજે ૧૭૪મા ‘વિચારોના વાવેતર’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાનજીભાઈ ભાલાળાએ પૈસાનું વિજ્ઞાન સમજાવતા જણાવ્યું હતું કે, માણસની નજરે સુખનું સરનામું ધન છે. માણસે પહેલા પૈસા માટેનો રસ્તો સમજવા જેવો છે. પૈસા પહેલા વિચારમાં જન્મે છે. પછી નિર્ણયમાં અને પછી બેંક ખાતામાં આવે છે. નાણાનું મહત્વ માત્ર ખર્ચ કરવામાં નથી. પૈસાને સાધન બનાવી સંપતિના સર્જન




માટે કામે લગાડવા તે આયોજન વધુ મહત્વનું છે. ગરીબી માત્ર ઓછા આવકનું પરિણામ નથી પૈસાદાર બનવાની શરૂઆત પ્રથમ વિચારથી થાય છે. ત્યાર પછી દ્રઢ ઈચ્છા સાથે નાણાકિય આયોજન અને સતત પ્રયાસ માણસને પૈસાદાર બનાવે છે. આ તકે જાણીતા નાણાકીય સલાહકાર અને અર્હમ ગ્રુપ ઓફ કંપનીઝના ડાયરેક્ટર ઋષિતભાઈ મહેતાએ નાણા જીવન અને આયોજન અંગે પાયાની સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જીવન સરળ બનાવવા માટે પૈસાની જરૂર પડે છે. પૈસા અને જીવન વચ્ચે સાચો તાલમેલ માટે નાણાકિય આયોજન જરૂરી છે. માર્કેટની તેજી હોય કે મંદી, સમજણ, શાંત મન અને પરિવારનો સહકાર હોય તો પ્રગતિ નિશ્ચિત છે.


## નામ બદલાવેલ છે

આથી હું ઝુબેરભાઈ ગાલીબભાઈ ઘાણીવાલા જાહેર કરૂ છું કે મારૂં નામ ઝુબેર ગાલીબભાઈ ઘાણીવાલા માંથી બદલીને ઝુબેરભાઈ ગાલીબભાઈ ઘાણીવાલા કરેલ છે. અને હવે પછી થી હું ઝુબેરભાઈ ગાલીબભાઈ ઘાણીવાલા (નવું) તરીકે ઓળખાઈશ
સહી : ઝુબેરભાઈ ગાલીબભાઈ ઘાણીવાલા
એડ્રેસ : મંડોરાપરા પોલીસ ચોકી, બહારપરા, અમરેલી-૩૬૫૬૦૧.

# પીએમ મોદી સહિત નેતાઓએ રક્ષાબંધનની પાઠવી શુભેચ્છા, સુખ-સમૃધ્ધિ અને સફળતાની કરી પ્રાર્થના

નવી દિલ્હી, તા.૨૮



રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક નેતાઓએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ રક્ષાબંધન પર શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે આ પવિત્ર તહેવાર સૌના જીવનમાં ખુશી, સમૃધ્ધિ અને સફળતા લાવે તથા પ્રેમ, સ્નેહ અને પરસ્પર વિશ્વાસનું બંધન હંમેશા અતૂટ રહે.

ગૃહમંત્રી અમિત શાહે પણ ભાઈ-બહેન વચ્ચેના પ્રેમ અને વિશ્વાસના પ્રતીક એવા રક્ષાબંધન પર્વની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે આ તહેવાર સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ લાવે તેવી પ્રાર્થના કરી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રક્ષાબંધનને પ્રેમ, વિશ્વાસ અને પરસ્પર જવાબદારીનો તહેવાર ગણાવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગપ્તાએ શાળાના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. દરમિયાન બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ જીવિકા દીદીઓના ઘરોને સૌર ઊર્જા સાથે જોડવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

# મુંબઈમાં દૂધના ભાવમાં એક લિટરે રૂા.૯નો વધારો ઝીંકાતા લોકોના બજેટ પર અસર

મુંબઈ,તા.૨૮



દેશની આર્થિક રાજધાની મુંબઈમાં મોંઘવારીનો વધુ એક મોટો માર સામાન્ય લોકોના બજેટ પર પડ્યો છે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન (MMPA) દ્વારા દૂધની જથ્થાબંધ કિંમતમાં લિટર દીઠ સીધો રૂા.૯નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારા બાદ ભેંસના તાજા દૂધનો જથ્થાબંધ ભાવ રૂા.૯૩થી વધીને રૂા.૧૦૨ પ્રતિ લિટર થઈ જશે. નવા ભાવ ૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી અમલમાં આવશે અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી લાગુ રહેશે. MMPAના ૭૦ વર્ષના ઈતિહાસમાં એકસાથે રૂા.૯નો આ સૌથી મોટો ભાવવધારો હોવાનું જણાવાયું છે. અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૬માં દૂધના ભાવ રૂા.૯૧થી વધારીને રૂા.૯૩ પ્રતિ લિટર કરવામાં આવ્યા હતા. દૂધ ઉત્પાદકોના જણાવ્યા મુજબ પશુ આહાર, ઘાસચારો, ખોળ તેમજ દૂધાળા પશુઓના ઉછેર ખર્ચમાં સતત વધારો થયો છે. પશુ આહારમાં વપરાતા અનાજ, તુવેર ચુની અને ચણા ચુનીના ભાવમાં આશરે ૨૫ ટકા સુધીનો વધારો થયો છે. MMPAના ચેરમેન સી.કે. સિંહે જણાવ્યું હતું કે મુંબઈમાં ૩,૦૦૦થી વધુ ચિલર રિટેલર્સ દૂધનું વેચાણ કરે છે. રૂા.૧૦૨ પ્રતિ લિટર જથ્થાબંધ ભાવ હોવાથી છૂટક બજારમાં ગ્રાહકોને દૂધ કેટલા ભાવે મળશે તે અલગ હોઈ શકે છે.

# બોપલ-ઘુમામાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવીશ : ગૃહમંત્રી અમિત શાહ

અમદાવાદ, તા. ૨૮



કેન્દ્રીય ગૃહમંત્રી અને સ્થાનિક સાંસદ અમિત શાહે બોપલ-ઘુમા તથા આંબલી વિસ્તારના રહીશો માટે લોકદરબાર યોજી પાણી ભરાવાની સમસ્યા સાંભળી હતી. તેમણે જણાવ્યું કે આ વખતે અસાધારણ ૨૧ ઈંચ વરસાદને કારણે સ્થિતિ વિકટ બની હતી. શાહે જવાબદારી સ્વીકારી ખાતરી આપી કે, બીજી વાર મત માંગવા આવે તે પહેલાં ૩૦ ઈંચ વરસાદ પડે તો પણ સોસાયટીઓમાં પાણી ન ભરાય તેવી ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. તેમણે આગામી છ મહિનામાં આંબલી, બોપલ અને શેલા વિસ્તારમાં નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવાની પણ ખાતરી આપી હતી. સ્થાનિક સોસાયટીના પ્રતિનિધિઓની રજૂઆતો સાંભળી સમસ્યાઓના ઝડપી ઉકેલનું આશ્વાસન આપ્યું હતું.

# તિબેટમાં ડેમ તૂટવાની માહિતી મળતા નેપાળ પોલીસે લોકોને સુરક્ષિત સ્થળે જવા માટે અપીલ કરી

કાઠમંડુ, તા.૨૮



નેપાળ પોલીસે શુક્રવારે નવી ચેતવણી જાહેર કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, તિબેટીયન વિસ્તારમાં પાણીના બંધમાં ફરી ભંગાણ થયાની માહિતી મળી છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને સુરક્ષા કર્મચારીઓ, બચાવ અને રાહત કાર્યકરો તેમજ સ્થાનિક નાગરિકોને સતર્ક રહેવા અને જોખમી વિસ્તારોમાંથી સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવી છે. પોલીસે નજીકના લોકોને પણ સંભવિત ખતરા અંગે અન્ય લોકોને જાણ કરવા વિનંતી કરી છે. આ ચેતવણી એવા સમયે આપવામાં આવી છે, જ્યારે તાજેતરના વિનાશક પૂર અને અચાનક પૂરના કારણે નેપાળના અનેક વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, રાસુવા જિલ્લામાં પૂરથી મૃત્યુઆંક ૪૬૯ પર પહોંચ્યો છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો હજુ લાપતા છે. અસરગ્રસ્તોમાં ટ્રેકિંગ અને ધાર્મિક યાત્રા માટે આવેલા વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. નેપાળની આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓના જણાવ્યા મુજબ, ૯૧૦થી વધુ લોકો લાપતા છે.

# કર્મચારીઓની કાયદેસર માંગણીઓ સાંભળવા સરકાર તૈયાર : ભગવંત માન

ચંદીગઢ, તા.૨૮

પંજાબમાં સરકારી કર્મચારીઓએ લાંબા સમયથી પડતર માંગણીઓના સમર્થનમાં ગુરુવારે રાજ્યવ્યાપી 'મહા હડતાળ' કરી હતી. મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે સરકાર કર્મચારીઓની તમામ વાજબી માંગણીઓ સાંભળવા અને સમસ્યાઓનું નિરાકરણ લાવવા તૈયાર છે, પરંતુ વાટાઘાટો અને હડતાળ એકસાથે ચાલી શકે નહીં. હડતાળ પાછી ખેંચ્યા બાદ જ કર્મચારી સંગઠનો સાથે ચર્ચા કરવામાં આવશે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં બાકી ૧૮ ટકા મોંઘવારી ભથ્થું ચૂકવવું, જૂની પેન્શન યોજના લાગુ કરવી અને કરાર આધારિત કર્મચારીઓને નિયમિત કરવાનો સમાવેશ થાય છે. હડતાળને કારણે વિવિધ સરકારી વિભાગોના કામકાજને અસર થઈ હતી અને સરકારી હોસ્પિટલોમાં ઓપીડી સેવાઓ પણ ખોરવાઈ હતી. ૧૫૦થી વધુ કર્મચારી સંગઠનોએ આ હડતાળમાં ભાગ લીધો હતો.

# રક્ષાબંધન પર આગ્રાના બજારોમાં ખરીદીનો ધમધમાટ, બે દિવસમાં વેપાર રૂ. ૧૦૦ કરોડને પાર


આગ્રા, તા.૨૮



રક્ષાબંધન પર્વને લઈને આગ્રાના બજારોમાં ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. મીઠાઈ, રાખડી, સૌંદર્ય પ્રસાધનો, કૃત્રિમ ઘરેણાં અને કપડાંના વેચાણમાં નોંધપાત્ર તેજી આવી છે. મંગળવાર અને બુધવાર એમ બે દિવસમાં શહેરમાં તહેવાર સંબંધિત વેપાર રૂ.૧૦૦ કરોડને પાર પહોંચ્યો હોવાનો અંદાજ છે. મીઠાઈ બજારમાં સૌથી વધુ તેજી જોવા મળી રહી છે. પરંપરાગત ઘેવર ઉપરાંત ચોકલેટ અને ગિફ્ટ બોક્સની પણ ભારે માંગ છે. શહેરમાં મીઠાઈના આશરે ૧,૬૮૦ વેપારીઓ અને ૫૦૦ ઉત્પાદકો હોવાનું જણાવાયું છે. લોહાર ગલીમાં વરસાદ છતાં રાખડીની ખરીદી માટે મોટી ભીડ જોવા મળી હતી. અહીં આશરે ૪૦૦ દુકાનોમાં રૂ.૧૦ કરોડનો વેપાર થવાની શક્યતા છે. મહિલાઓમાં કોસ્મેટિક્સ અને કૃત્રિમ ઘરેણાંની માંગ વધી છે. કપડાં, રમકડાં અને ગિફ્ટ આઈટમ્સના વેચાણમાં પણ તેજી જોવા મળી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, ઓનલાઈન ખરીદી અને મોંઘવારી છતાં તહેવારના ઉત્સાહને કારણે સ્થાનિક બજારોમાં ગ્રાહકોની ભીડ જળવાઈ રહી છે.

# એક દાયકામાં ભારતની સંરક્ષણ નિકાસ રૂ. ૧,૦૦૦ કરોડથી વધીને રૂ. ૩૯,૦૦૦ કરોડ થઈ: રાજનાથ સિંહ

જબલપુર, તા. ૨૮



સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. જબલપુરની વ્હીકલ ફેક્ટરી ખાતે ટી-સિરીઝ ટેન્કોના સમારકામ અને જાળવણી માટે રૂ. ૪૭૨ કરોડની સુવિધાનો શિલાન્યાસ કરતાં તેમણે જણાવ્યું કે ૨૦૧૪માં રૂ. ૪૬,૦૦૦ કરોડનું સંરક્ષણ ઉત્પાદન હવે વધીને આશરે રૂ. ૧.૮૦ લાખ કરોડ થયું છે. સંરક્ષણ નિકાસ પણ રૂ. ૧,૦૦૦ કરોડથી વધીને આશરે રૂ. ૩૯,૦૦૦ કરોડ થઈ છે.

સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં સંરક્ષણ નિકાસ રૂ. ૫૦,૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. નવી સુવિધામાં વાર્ષિક ૮૦ ટી-૭૨ અને ટી-૯૦ ટેન્કનું સમારકામ થશે.

સિંહે જણાવ્યું કે આ પ્રોજેક્ટથી રોજગારીની તકો ઊભી થશે અને ભારતની સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા વધુ મજબૂત બનશે.

# મનુસ્મૃતિ પર રાહુલ ગાંધીની ટિપ્પણી સામે ભાજપ નેતા નાઝિયા ખાને ફરિયાદ નોંધાવી

ગાઝિયાબાદ, તા.૨૮



ભાજપ નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલ નાઝિયા ઈલાહી ખાને મનુસ્મૃતિ અંગે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની કરેલી ટિપ્પણીઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે ગાઝિયાબાદના પોલીસ કમિશનર, ડીસીપી અને ઈન્દિરાપુરમના એસીપી સમક્ષ ફરિયાદ કરી હતી. નાઝિયા ખાને જણાવ્યું હતું કે દરેક વ્યક્તિને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે, પરંતુ રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આરએસએસના વડા મોહન ભાગવતની તસવીરો પ્રદર્શિત કરવાનો હેતુ પણ સ્પષ્ટ થવો જોઈએ. મનુસ્મૃતિ અંગે તેમણે કહ્યું કે તેના એક અધ્યાય અથવા કેટલાક શબ્દોના આધારે સમગ્ર ગ્રંથ અંગે અભિપ્રાય બનાવવો યોગ્ય નથી. તેમણે આક્ષેપ કર્યો કે મનુસ્મૃતિ અંગે ખોટી છાપ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# મુખ્યમંત્રી હેમંત સોરેનને આદિવાસી એકતા મહાજૂટન રેલીમાં મુખ્ય અતિથિ બનવા ઈજન

રાંચી, તા.૨૮

આદિવાસી એકતા મહાજૂટન રેલીના પ્રતિનિધિમંડળે આજે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સાથે રાંચીના કાંકે રોડ સ્થિત મુખ્યમંત્રી નિવાસસ્થાન કાર્યાલય ખાતે મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને ૩૦ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ રાંચીના મોરાબાદી ગ્રાઉન્ડ ખાતે યોજાનારી રેલીમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું. પ્રતિનિધિમંડળે રેલીના ઉદ્દેશ્યો અંગે મુખ્યમંત્રીને માહિતી આપી હતી. રેલીનો મુખ્ય હેતુ ઝારખંડના આદિવાસી સમુદાયના હિતોનું રક્ષણ, રાજકીય પ્રતિનિધિત્વ મજબૂત બનાવવું, બંધારણીય અધિકારોનું રક્ષણ તથા આદિવાસી ઓળખ અને અસ્તિત્વ જાળવવાનો છે. આ પ્રસંગે શશી પન્ના, અજય તિર્કી, અનિલ પન્ના, રામા ખાલખો, જ્યોત્સના કેરકેટ્ટા, શિવા કછપ, અનિલ ઓરાંવ અને પુષ્કર બડાઈક સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# તમિલનાડુમાં ૧ સપ્ટેમ્બરથી દારૂની દુકાનોમાં ડિજિટલ સિસ્ટમ લાગુ કરાશે

ચેન્નાઈ, તા.૨૮




તમિલનાડુમાં દારૂના છૂટક વેચાણનું સંચાલન કરતી ટીએએસએમએસી દ્વારા ૧ સપ્ટેમ્બરથી રાજ્યભરની તમામ દુકાનોમાં નવી ડિજિટલ સિસ્ટમ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. નવી વ્યવસ્થા હેઠળ દુકાનના સુપરવાઈઝર હેન્ડહેલ્ડ ઉપકરણ મારફતે સ્ટોકની માંગણી કરી શકશે. ટીએએસએમએસીના મેનેજિંગ ડિરેક્ટર કે. નંતકુમારના નિર્દેશ મુજબ, આ સિસ્ટમનો હેતુ કાગળકામ ઘટાડવા, સ્ટોક વિતરણ સુવ્યવસ્થિત કરવા અને પુરવઠાની અડચણો દૂર કરવાનો છે.

વેચાણના ડેટાના આધારે ગ્રાહકોની માંગ મુજબ બ્રાન્ડ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે. હાલ સિસ્ટમનો પાયલોટ તબક્કો ચાલી રહ્યો છે. ૧ સપ્ટેમ્બરથી સમગ્ર રાજ્યમાં તેનો ફરજિયાત અમલ થશે.

# રક્ષાબંધન પર ગુજરાતની જેલોમાં લાગણીસભર દ્રશ્યો, બહેનોને જોઈ કેદી ભાઈઓ થયા ભાવુક

અમદાવાદ, તા.૨૮




ભાઈ-બહેનના પ્રેમ અને વિશ્વાસના પ્રતીક રક્ષાબંધન પર્વની ગુજરાતની વિવિધ જેલોમાં પણ ભાવુક માહોલમાં ઉજવણી થઈ હતી. અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં બંધ કેદી ભાઈઓને રાખડી બાંધવા મોટી સંખ્યામાં બહેનો પહોંચી હતી. અમદાવાદમાં બહેનોએ ભાઈઓને રાખડી બાંધી તેમની સુખાકારી અને સલામતી માટે પ્રાર્થના કરી હતી. રાજકોટ જેલમાં આશરે ૨,૪૦૦ કેદીઓમાંથી અનેક કેદીઓને બહેનોએ રાખડી બાંધી હતી.

જેલ તંત્ર દ્વારા મુલાકાત માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. વડોદરા સેન્ટ્રલ જેલમાં આશરે ૧,૭૦૦ કેદીઓમાંથી ૭૦૦ જેટલા કેદી ભાઈઓને તેમની બહેનોએ રાખડી બાંધી હતી. મુલાકાત દરમિયાન ભાઈ-બહેન વચ્ચે પરિવારની વાતો અને સુખ-દુઃખની ચર્ચાથી વાતાવરણ ભાવુક બન્યું હતું. ખાસ વાત એ હતી કે કેદી ભાઈઓએ બહેનોને સ્નેહના પ્રતિકરૂપે તુલસીના છોડ ભેટમાં આપ્યા હતા. આ ભેટ સાથે તેમણે પ્રેમની સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશ પણ આપ્યો હતો.

# પૂર બાદ નેપાળમાં ભૂકંપના આંચકા, રિક્ટર સ્કેલ પર ૩. ૨ની તીવ્રતાથી ભયનો માહોલ

**રાત્રે ૮:૧૫ વાગ્યે ૪.૯ની તીવ્રતાના ભૂકંપથી ફફડાટ**

કાઠમાંડૂ, તા. ૨૮




નેપાળમાં વિનાશક પૂર બાદ હવે ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ગુરુવાર, ૨૭ ઓગસ્ટની રાત્રે ૯:૧૮ વાગ્યે નેપાળમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. તેનું કેન્દ્ર જમીનની અંદર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

આ પહેલા તિબેટમાં પણ રાત્રે ૮:૧૫ વાગ્યે ૪.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. બીજી તરફ, તિબેટમાં ગ્લેશિયરનો એક ભાગ તૂટી પડતાં લેંડે નદીનો પ્રવાહ કાટમાળથી અવરોધાયો હતો. ત્યારબાદ કામચલાઉ બંધ તૂટતાં કાદવ, ખડકો અને કાટમાળ સાથે પાણીનું મોટું મોજું ભોટેકોશી નદીમાં ધસી આવ્યું હતું. આ ઘટનાથી નેપાળના રાસુવા અને નુવાકોટ સહિતના વિસ્તારોમાં ભારે તબાહી સર્જાઈ હતી. ભારે પૂર બાદ હવે ભૂકંપના આંચકાએ રાહત અને બચાવ કામગીરી વચ્ચે ચિંતા વધારી છે.

# જાફરાબાદના ગુમ થયેલા પૂજારી ગોમતીબાપુ નેપાળના જનકપુરીમાં સહી-સલામત મળી આવ્યા

જાફરાબાદ,તા.૨૮



અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં આવેલા ખંઢેરા હનુમાન મંદિરના પૂજારી કમળાપ્રસાદ બાબુલાલ ચૌહાણ જેઓ 'ગોમતીબાપ' તરીકે જાણીતા છે સંપર્કવિહોણા થવાના મામલે મોટી રાહત થઈ છે. સરકારી તંત્રના જણાવ્યા અનુસાર, તેઓ નેપાળના જનકપુરી ખાતે સંપૂર્ણપણે સહી-સલામત મળી આવ્યા છે. ગોમતીબાપુ ગત ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ જાફરાબાદથી અયોધ્યા દર્શનાર્થે નીકળ્યા હતા. ત્યાંથી તેઓ પોતાના જૂથ સાથે નેપાળ જવાના હતા. જોકે, ૧૧ ઓગસ્ટના રોજ અમદાવાદ પહોંચ્યા બાદ તેમનો મોબાઈલ સંપર્ક તૂટી ગયો હતો. દરમિયાન નેપાળમાં સર્જાયેલી દુર્ઘટના બાદ સ્થાનિક સરકારી રેકોર્ડમાં ગુમ થયેલા લોકોની યાદીમાં તેમનું નામ ૨૦મા ક્રમાંકે નોંધાતાં ભક્તો અને પરિવારજનોમાં ભારે ચિંતા વ્યાપી

**અયોધ્યા જવા નીકળ્યા બાદ નેપાળ ગયા હતા, ગૂમ વ્યક્તિઓની યાદીમાં નામ હતું**

ગઈ હતી. ચિંતાજનક સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ અને શોધખોળ બાદ તેઓ જનકપુરીમાં હોવાની પુષ્ટિ થઈ છે. પૂજારી હેમખેમ મળી આવતા તેમના અનુયાયીઓ અને પરિવારે રાહતનો શ્વાસ લીધો છે.

# જાફરાબાદના નાગેશ્રી-ચોત્રા માર્ગ પર બાઈક-ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બે યુવાનોના મોત

અમરેલી,તા.૨૮



જાફરાબાદ તાલુકાના નાગેશ્રી-ચોત્રા માર્ગ પર મોડી રાત્રે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર નાગેશ્રી ગામના બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નીજ્યા હતા. જ્યારે અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ રાત્રિના ૨થી ૩ વાગ્યાની આસપાસ મહાવીર જશુ વરૂ અને શ્યામ રામ જોગદીયા ચોત્રા ગામથી બાઈક પર નાગેશ્રી ખાતે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ચોત્રા રોડ પર શીતળા માતાના મંદિર નજીક સામેથી પૂરપાટ ઝડે આવી રહેલા ટ્રેક્ટર સાથે તેમની બાઈક અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને યુવકો રોડ પર ફંગોળાઈ ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. નાગેશ્રી પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. હરેશ ઘોહા વરૂની ફરિયાદના આધારે પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના કલોલમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં ૭૨ કલાકમાં ચુકાદો : આરોપીને આજીવન કેદ

ગાંધીનગર,તા.૨૮



ગાંધીનગરના કલોલ તાલુકાના પાનસર ગામેથી ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર ૪૨ વર્ષીય આરોપી ભરતજી ઠાકોરને કલોલની સ્પેશિયલ પોક્સો કોર્ટે આજીવન સખત કેદની સજા ફટકારી છે. ચાર્જશીટ રજૂ થયાના માત્ર ૭૨ કલાકમાં કેસની સુનાવણી પૂર્ણ કરીને આ ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે. પોલીસે ૧૮ દિવસમાં તપાસ પૂર્ણ કરી ડીએનએ રિપોર્ટ સાથે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટે આરોપીને દંડ ફટકારવાની સાથે પીડિતા સગીરાને આર્થિક વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

# ગોંડલ શહેરમાં પોલીસે સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ કર્યો, દારૂની બોટલ ઝડપાઈ

ગોંડલ,તા.૨૮

રાજકોટ ગ્રામ્ય **AHTU** પોલીસે ગોંડલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરી સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ કર્યો છે. શ્યામ વાડી ચોક ખાતે આવેલા ધ ઈમ્પીરિયલ વેલનેસ સ્પામાં દરોડા દરમિયાન ગ્રાહકોને બોલાવી મહિલાઓ મારફતે દેહવ્યાપાર કરાવવામાં આવતો હોવાનું સામે આવ્યું


તસવીર : ભોજાણી દેવાંગ

હતું. પોલીસે સ્પાના મેનેજર જગદીશભાઈ રાઠોડ અને માલિક સરીતા લામા વિરુધ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. તપાસ દરમિયાન સ્પામાંથી પાસ કે પરમિટ વગરની બ્લેક ડોગ વિસ્કીની બે બોટલ સહિત રૂ.૨૯,૦૧૬નો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. આ અંગે અલગથી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. ઉપરાંત, અન્ય બે સ્પા સેન્ટરોમાં પોલીસ વેરિફિકેશન વિના પરપ્રાંતીય મહિલાઓને કામે રાખવા બદલ સંચાલકો સામે **BNS** કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી કરાઈ છે.

# રાજકોટમાં મોંઘવારી સામે રક્ષાબંધનની રિટર્ન ગિફ્ટમાં આપી ખાંડ અને ડુંગળી

રાજકોટ,તા.૨૮

તહેવારના ટાણે વધતા ભાવ સામે વિરોધ નોંધાવવા કોંગ્રેસ પૂર્વ કોર્પોરેટરે રાજકીય આગેવાનોને રાખડી બાંધી રાજકોટના વોર્ડ નંબર-૧૫ના કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર કોમલબેન ભારાઈએ રક્ષાબંધનની અનોખી ઉજવણી કરીને મોંઘવારી સામે કટાક્ષાત્મક મેસેજ આપ્યો છે. તેમણે કોંગ્રેસ આગેવાન રણજીત મુંધવા, આમ આદમી પાર્ટીના મહેશભાઈ બાંભવા તથા માલધારી સમાજના નેતાઓને રાખડી બાંધી હતી. પરંપરાગત ભેટના બદલે ભાઈઓએ રિટર્ન ગિફ્ટમાં કોમલબેનને ૧૦૦ રૂપિયે કિલોની ખાંડ અને ૭૦ રૂપિયા કિલોની ડુંગળી આપી હતી. આ પ્રતિકાત્મક ભેટ દ્વારા તહેવારોમાં મીઠાઈના ભાવ વધારતી ખાંડ અને ગૃહિણીઓનું બજેટ ખોરવતી ડુંગળીના વધતા ભાવ તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કરાયો હતો. આ રીતે રાજકોટમાં રક્ષાબંધન પર્વ માત્ર ઉજવણી પૂરતો સીમિત ન રહેતા મોંઘવારીના પ્રશ્નને વાચા આપતો રાજકીય સંદેશ બન્યો હતો.

# અમદાવાદના ઠક્કરબાપા નગરમાં જુની અદાવતમાં હત્યા

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના ઠક્કરબાપાનગર વિસ્તારમાં ૨૭ ઓગષ્ટની રાત્રે જૂની અદાવતના કારણે દિલીપ સોનકરની છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. અમદાવાદમાં પાણીની ટાંકી પાસે ભરત ચુનારા અને રોહિત દંતાણીએ દિલીપને ઉભો રાખી બોલાચાલી કર્યા બાદ તેના શરીરના ભાગે છરીના ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા દિલીપનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં કૃષ્ણનગર પોલીસે તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં બંને આરોપીઓની ધરપકડ કરી હતી.






# ગાંધીનગરમાં બહેનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી

ગાંધીનગર,તા.૨૮

નારી શક્તિના સન્માન અને સુરક્ષા માટે રાજ્ય સરકારની કટિબધ્ધતા વ્યક્ત કરાઈ. ગાંધીનગર સ્થિત 'લોકભવન' ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ સ્નેહમિલન સમારોહમાં રાજ્યભરમાંથી વિવિધ સામાજિક સંસ્થાઓ, સેવાભાવી સંગઠનો, બ્રહ્માકુમારીઝ તથા દિવ્યાંગ



બહેનોએ મુખ્યમંત્રીને રાખડી બાંધીને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે મંગલકામના કરી હતી. મુખ્યમંત્રીએ બહેનોનું આત્મીયતાપૂર્વક સ્વાગત કરી રાજ્યની નારી શક્તિના સન્માન, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે સરકારની કટિબધ્ધતા દોહરાવી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, નિમિષાબેન સુથાર, પાયલબેન કુકરાણી, ભાજપ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશી અને મહિલા મોરચાના પ્રમુખ અંજુબેન વેકરિયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પરિસરમાં ભાવસભર માહોલ સર્જાયો હતો.

# સુરતના પુણામાં LCBનો દરોડો, ચાર બોગસ ડૉક્ટર ઝડપાયા

સુરત,તા.૨૮

સુરત શહેર **LCB** સ્ક્વોડે પુણા વિસ્તારમાં દરોડા પાડી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા ચાર બોગસ ડૉક્ટરોને ઝડપી પાડ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે કેટલાક ઈસમો પાસે કોઈ માન્ય મેડિકલ ડિગ્રી કે રજિસ્ટ્રેશન ન હોવા છતાં ક્લિનિક ચલાવી એલોપેથિક દવાઓથી લોકોની સારવાર કરતા હતા.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં રક્ષાબંધનની ઉજવણી, જગન્નાથજી, શામળાજી અને ડાકોરમાં ભક્તોની ભારે ભીડ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના પ્રસિધ્ધ જગન્નાથ મંદિર સહિત સમગ્ર ગુજરાતમાં રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જગન્નાથ મંદિરમાં બહેન સુભદ્રાજીએ ભાઈ જગન્નાથજી અને બલભદ્રજીને ચાંદીની રાખડી અર્પણ કરી ધાર્મિક પરંપરા નિભાવી હતી. વહેલી સવારથી જ ભગવાનના અલૌકિક દર્શન માટે ભક્તોની



ભીડ ઉમટી પડી હતી.

બીજી તરફ શામળાજી અને પ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં શ્રાવણી પૂનમ નિમિત્તે ઠાકોરજીને સોનાની રાખડી બાંધવામાં આવી હતી. ડાકોરમાં વહેલી સવારે ૫ વાગ્યે ઉત્તરાઈ મંગળા આરતી સાથે દર્શન શરૂ થતાં જ શ્રધ્ધાળુઓનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો. શામળાજીમાં ભગવાન શામળિયાને ખાસ વાઘા અને સોનાના આભૂષણોથી શણગારી વિવિધ મનોરથોનું આયોજન કરાયું હતું. મંદિરોમાં ભક્તિમય માહોલ વચ્ચે ભક્તોએ સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી.

